Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૩ ● અંક : ૨૧૭
તા.૧૩-૦૯-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૭ સૂર્યાસ્ત : ૦૬:૪૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૬.૬ | વડોદરા | ૩૬.૦ |
| અમદાવાદ | ૩૭.૨ | સુરત | ૩૬.૬ |
| ગાંધીનગર | ૩૩.૫ | નલિયા | ૩૨.૭ |

ચાંદી : ૪૧૨૦૦ સોનું : ૩૦૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...



## આજે બપોરે પહોંચ્યા બાદ શિન્જોનું વિમાની મથકે ગાર્ડ ઓફ ઓનર સાથે ભવ્ય સ્વાગત : ઈતિહાસમાં પ્રથમ વખત બે વડાપ્રધાન રોડ શોમાં જોડાશે

# આજથી મોદી-શિન્જોની ઐતિહાસિક યાત્રા

## ભારત-જાપાન વચ્ચેના સંબંધ નવી ઉંચી સપાટીએ પહોંચશે : કોઈ દેશના વડાપ્રધાન સીધા ગુજરાતની મુલાકાતે આવી પરત તેમના દેશ જવાના હોય તેવો પ્રથમ પ્રસંગ : અમદાવાદ લશ્કરી છાવણીમાં ફેરવાયુ : હજારો જવાન તૈનાત







અમદાવાદ, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્જો અબેની બે દિવસની ઐતિહાસિક અને હાઈપ્રોફાઈનલ અમદાવાદ અને ગાંધીનગર યાત્રા આવતીકાલે શરૂ થઈ રહી છે. બન્નેની આ ઐતિહાસિક યાત્રા દરમિયાન કેટલીક ઐતિહાસિક પહેલ થનાર છે. જેમાં મહત્વકાંક્ષી અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ભૂમિ પુજા વિધી, ભવ્ય રોડ શો અને બન્ને દેશો વચ્ચે અનેક કરારો, દ્વિપક્ષીય પ્રતિનિધિ સ્તરની મંત્રણાનો સમાવેશ થાય છે. ભારત અને જાપાન વચ્ચેના સંબંધો શિન્જો અબેની આ મુલાકાતથી નવી ઉંચાઈ ઉપર પહોંચશે. સાથે સાથે બંને દેશો વચ્ચે વિશ્વાસ નિર્માણની પ્રક્રિયા વધુ ઝડપથી આગળ વધશે. કાર્યક્રમ મુજબ વડાપ્રધાન મોદી ૧.૩૦ વાગ્યાની આસપાસ અમદાવાદ વિમાની મથકે આવી પહોંચશે ત્યારબાદ તેમનું મુખ્યમંત્રી વિજય રૂપાણી, તેમની કેબિનેટના અન્ય પ્રધાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારપછી બપોરે ૩.૩૦ વાગ્યાની આસપાસ જાપાની વડાપ્રધાન શિન્જો અબે, તેમના પત્નિ અકી અબે અને જાપાની પ્રતિનિધિઓ પહોંચશે. આશરે ૧૦૦ જેટલા જાપાની પ્રતિનિધિઓનો કાફલો અબે સાથે આવી રહ્યા છે. તેમનું મોદી અને રૂપાણી દ્વારા સ્વાગત કરવામાં આવશે. એરપોર્ટ ઉપર અબેને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. ત્યારબાદ કાફલો રવાના થશે. તેમના સ્વાગત માટે વિવિધ વિસ્તારોમા મળીને કુલ ૪૦ જેટલા સ્ટેજ તૈયાર કરવામા આવ્યા છે આ સ્ટેજ પર વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા પરંપરાગત લોકનૃત્ય દ્વારા બંનેનુ સ્વાગત કરવામા આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, કલેકટર કચેરી સહીત સમગ્ર શહેર પોલીસને ખડેપગે રહેવાના આદેશ કરવામા આવ્યા છે. ગાર્ડ ઓફ ઓનરની કાર્યવાહી પુરી થયા બાદ બંને મહાનુભવોના રસાલો એરપોર્ટથી નકકી કરવામા આવેલા સાબરમતી આશ્રમ સુધીના રૂટ ઉપર પહોંચશે જ્યાં આશ્રમમા આયોજિત સાંજની પ્રાર્થનામા ભાગ લીધા બાદ બંનેનો કાફલો રીવરફ્રન્ટના માર્ગે જુના લકકડીયા પુલ(એલિસ પુલ) પહોંચશે જ્યા થોડી મિનીટો મોદી અને શિન્જો એક સાથે ગાળશે. ટૂંકા રોકાણ બાદ સાંજે ૭ કલાકના સુમારે લાલ દરવાજા સ્થિત આવેલી સીદી સૈયદની જાળી(મસ્જિદ) પહોંચશે.જ્યા રોકાણ બાદ સામેના ભાગમા આવેલી હેરીટેજ હોટલ અગાશીયે પહોંચશે જ્યા રાત્રી ડીનર લેવામા આવશે.ડીનર બાદ જાપાનના વડાપ્રધાન અને તેમના પત્ની અકી અબે વસ્ત્રાપુર ખાતે આવેલી હોટલ હયાત ખાતે પહોંચી રાત્રી રોકાણ કરશે જ્યાંથી ગુરૂવારે સાબરમતી રેલ્વે સ્ટેશન ખાતે આયોજિત કરવામા આવેલા અમદાવાદ-મુંબઈ વચ્ચેના બુલેટ ટ્રેન પ્રોજેકટના ભુમિપુજન માટે પહોંચશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જાપાનના વડાપ્રધાન શીનજો અબે, તેમના પત્ની અકી અબે અને જાપાનના આવનારા તમામ ડેલિગેટસના ભવ્ય સ્વાગતમા એરપોર્ટથી આશ્રમ સુધી એક ભવ્ય રોડ શોનુ આયોજન કરવામા આવ્યુ છે.

### મોદી-શિન્જોનો કાર્યક્રમ



**૧૩મી સપ્ટેમ્બરનો કાર્યક્રમ**

★ ૧.૩૦ વાગ્યાની આસપાસ મોદી અમદાવાદ વિમાની મથકે પહોંચશે. મુખ્યમંત્રી રૂપાણી અને અન્યો દ્વારા સ્વાગત કરાશે

★ ૩.૩૦ વાગ્યાની આસપાસ જાપાની વડાપ્રધાન શિન્જો તેમના પ્રતિનિધિમંડળ સાથે અમદાવાદ વિમાની મથકે પહોંચશે. શિન્જોનું ગાર્ડ ઓફ ઓનર સાથે સ્વાગત કરાશે.

★ વિમાની મથકથી મોદી અને શિન્જોનો કાફલો સાબરમતી આશ્રમ તરફ રવાના થશે

★ આઠ કિલોમીટર લાંબા રોડ શોમાં એક લાખથી પણ વધુ લોકો જોડાશે

★ મોદી અને શિન્જોના સ્વાગત માટે જુદા જુદા ૪૦ સ્ટેજ તૈયાર કરાયા. વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને લોકનૃત્યો રજૂ કરાશે

★ રોડ શો કરીને મોદી અને શિન્જો ગાંધી આશ્રમ પહોંચશે. ગાંધી આશ્રમમાં થોડાક સમય સુધી રોકાશે જ્યાં રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ અપાશે

★ મોદી અને શિન્જો રિવરફ્રન્ટ ઉપર જશે જ્યાં બંને એકાંતમાં થોડાક સમય સુધી વાત કરશે

★ રિવરફ્રન્ટથી કાફલો ઐતિહાસિક સિદી સૈયદની જાળી ખાતે પહોંચશે. સિદ્દી સયૈદની જાળી ખાતે રોકાયા બાદ હોટલ અગાશીમાં જશે. જ્યા ડીનર થશે

★ અબે અને તેમના પત્નિ રાત્રિ રોકાણ વસ્ત્રાપુર ખાતેની હોટલ હયાતમાં કરશે

**૧૪મી સપ્ટેમ્બરનો કાર્યક્રમ**

★ સાબરમતી રેલ્વે સ્ટેશન ખાતે અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ બુલેટ ટ્રેન શરૂ કરવાના પ્રોજેકટનુ ભુમિપુજન

★ બપોરે મહાત્મા મંદિર ખાતે ગાંધીકુટીરની મુલાકાત

★ મહાત્મા મંદિર ખાતે જ ઈન્ડો-જાપાન સમિટમા બંને દેશો વચ્ચે મહત્વના કરારો કરવામા આવશે

★ સાંજે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા સાયન્સ સિટી ખાતે બંને મહાનુભવોના સન્માનમા રાત્રી ભોજન આયોજિત કરવામા આવ્યુ છે

★ ૧૪મીએ રાત્રે જાપાનના વડાપ્રધાન શીનજો અબે તેમના પત્ની અકી અબે ટોકીયો જવા રવાના થશે.

## ડીસામાં રખડતા ઢોરના મુદ્દે પાલિકા પ્રમુખ અને ચીફ ઓફીસર સામે ફરિયાદ



ભરત સુંદેશા

### વકીલ અને સામાજીક કાર્યકરે કોર્ટમાં ફરિયાદ કરી

ડીસા

ડીસા શહેરમાં રખડતા ઢોરને પકડવામાં ડીસા નગરપાલિકાએ છ મહિના અગાઉ રાજયમાં પ્રથમ સ્થાન મેળવ્યું હોવા છતાં હજુ પણ શહેરોમાં રખડતા ઢોરની ફરીથી એક સમસ્યા અને ત્રાસ હોવા છતાં હવે પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી થતી ન હોવાથી પાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખ સામે શહેરના એક વકીલ અને સામાજીક કાર્યકરે કોર્ટમાં ફરિયાદ કરી છે.

ડીસા નગરપાલિકા દ્વારા ગત વર્ષ શહેરમાં રખડતા ઢોરનો સર્વે કરાવ્યા બાદ ઢોર દીઠ રૂા.૫૦૦ નો કોન્ટ્રાક્ટ આપી ઢોર પકડવાની કામગીરી કોન્ટ્રાક્ટરને સોંપાઈ હતી. જેને અઢી માસમાં ૧૯૦૦ જેટલા આખલા પકડી રાજપુર કાંટ પાંજરાપોળમાં મુક્યા હતા. જે બદલ ગુજરાત ગૌ સેવા આયોગની ટીમે મુલાકાત લઈ ઢોર પકડવામાં ડીસા પાલિકા સૌ પ્રથમ હોવાનું બિરૂદ આપ્યું હતું અને કામગીરી બીરદાવી હતી.

જોકે, આ વાતને છ માસ થયા બાદ ફરીથી શહેરના રસ્તા પર રખડતા ઢોરની સ્થિતિ જૈસે થે જેવી થઈ ગઈ છે. રખડતા ઢોરના કારણે અકસ્માતો અને ટ્રાફિક સહિતની અનેક સમસ્યાનું નિરાકરણ આવતું નથી. ત્યારે પાલિકા દ્વારા ફક્ત કાગળ ઉપર નોટીસ આપી કોઈ કાર્યવાહી કરાતી ન હોવાના આક્ષેપ સાથે શહેરના એક વકીલ અને સામાજીક કાર્યકર પી.જે.રાણાએ પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર સામે ડીસાના સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

અનુસંધાન પાના નં.૬

### આખલાની અડફેટે ત્રણ કર્મચારીને ફેક્ચર થયા હતા

ડીસામાં અગાઉ ઢોર પકડવાનો કોન્ટ્રાકટ અપાયો હતો. જેમાં કોન્ટ્રાકટરના માણસો રખડતાં આખલાને દોરડા વડે પકડી પાલિકાના ટ્રેલર પાંજરામાં પૂરતા હતા. આ દરમિયાન એક શકિતશાળી આખલાને ત્રણ બાજુથી દોરડા વડે પકડી કર્મચારીઓ ખેંચી રહ્યા હતા. ત્યારે આખલાએ સામો એવો ઝાટકો માર્યો કે દોરડાં પકડીને ઉભેલા ત્રણ કર્મચારીઓને ખભે ઝાટકો લાગતાં ફ્રેકચર થયા હતા અને ઢોર પકડવાની કામગીરી બંધ થઈ હતી.

## ડીસામાં વકીલ પર હુમલા કેસમાં ચાર આરોપી નિર્દોષ

ડીસા

ડીસામાં કોર્ટ કમ્પાઉન્ડમાં વકીલ પર હુમલા કેસમાં ચાર આરોપીને ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો. આ અંગેની વિગત એવી છે કે, ડીસા કોર્ટમાં વકીલાત કરતા મોહનભાઈ કાળાભાઈ પરમાર ગત તા.૧૯ ઓક્ટોમ્બર ૨૦૧૨ ના રોજ સવારે ડીસા કોર્ટના કમ્પાઉન્ડમાં ઉભા હતા તે દરમિયાન તેમના વેવાઈ પરિવારના સુરેશભાઈ મુળાભાઈ પરમાર, શકરાભાઈ મુળાભાઈ પરમાર, વિનોદ મુળાભાઈ પરમાર(રહે.અજાપુરા, તા.ડીસા) અને અનિલકુમાર રમેશભાઈ પરમાર (રહે.વેલુનગર) ચારેય જણાએ 'કેમ તમે વકીલ છો એટલે અમારા પર ખોટા કેસ કરો છો' તેમ કહી હુમલો કર્યો હતો. જે બનાવ અંગે મોહનભાઈએ ડીસા સીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

અનુસંધાન પાના નં.૬

**બેસણું**



સ્વ.જયરામભાઇ માંગીલાલ ઠક્કર
સ્વ.તા.૦૯-૦૯-૨૦૧૭

અમારા પૂજ્ય પિતાશ્રી જયરામભાઇ માંગીલાલ ઠક્કર તા.૦૯-૦૯-૨૦૧૭ ને શનિવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું તા.૧૪-૦૯-૨૦૧૭ ને ગુરૂવારના રોજ રાખેલ છે.
સ્થળ : જલારામ ભવન, જલારામ મંદિર પાસે, હાઈવે, ડીસા. મો.૯૮૭૯૩૨૬૧૦૧, ૯૪૨૬૨ ૩૮૫૯૭

ઘડા તથા સામાજીક ક્રિયા તા.૨૦-૦૯-૨૦૧૭ ને બુધવારના રોજ રાખેલ છે.
સ્થળ : રઘુવંશી દેશીલોહાણા સમાજવાડી
ડૉ.અજય જોષીની હોસ્પીટલ પાછળ, હાઈવે ડીસા

લિ.
ઠક્કર ચંદુભાઇ માંગીલાલ (ભાઇ)
ઠક્કર હિંમતભાઇ માંગીલાલ (ભાઇ)
ઠક્કર દશરથભાઇ માંગીલાલ (ભાઇ)
ઠક્કર ભરતભાઇ જયરામભાઇ (પુત્ર)
ઠક્કર જયેશભાઇ જયરામભાઇ (પુત્ર)
ઠક્કર કૃણાલભાઇ જયરામભાઇ (પુત્ર)
ઠક્કર પિન્ટુભાઇ જયરામભાઇ (પુત્ર)

ફર્મ : શ્રી ભવાની ચા ભંડાર, શ્રી ભવાની ટી ડેપો

**૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?**
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

**શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?**
● માથાનો દુ:ખાવો ● ખેંચ-વાઈ ● લકવો-પક્ષાઘાત ● મગજનો ટીબી ● ચક્કર ● ગરદન અને કમરના મણકાની તકલીફો ● યાદશકિત ઓછી થવી ● હાથપગની ધ્રુજારી ● નસોની નબળાઈ ● હાથપગમાં ઝણઝણાટી ● સાયેટીકા
ડૉ. વિશાલ જોગી (D.M.Neurology ન્યુરોફીઝીશીયન)
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોક્ટર
દર મહિનાના બીજા અને ચોથા બુધવારે મળશે
પાટણ જનતા હોસ્પિટલ
સરદાર રોડ, પઢેલા રેલ્વે નાળા પાસે, પાટણ
દર શુક્રવારે મળશે
ડીસા-રાજસ્થાન હોસ્પિટલ
ડૉ. કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરી સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા ફોન. ૦૨૭૪૪-૨૨૫૬૨૦

**બેસણું**



સ્વ.દલસંગભાઇ સામજીભાઇ ચૌધરી
સ્વ.તા.૧૨-૦૯-૨૦૧૭, મંગળવાર

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી ચૌધરી દલસંગભાઇ સામજીભાઇનું તા.૧૨-૦૯-૨૦૧૭ ને મંગળવારે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૧૪-૦૯-૨૦૧૭ ને ગુરૂવારે
સ્થળ : હરદેવાસણા તા.વડગામ(બ.કાં.)

લિ.
ચૌધરી માંઘજીભાઇ દલસંગભાઈ (એમ.ડી.)
ચેરમેન, ધી હરદેવાસણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.
પૂર્વ ડિરેકટર, માર્કેટયાર્ડ અને તાલુકા સંઘ, વડગામ
ચૌધરી ધનરાજભાઇ દલસંગભાઈ
ચૌધરી ઘેમરભાઇ દલસંગભાઇ
તથા સમસ્ત પોત્રોરોડ પરિવાર - હરદેવાસણા

# વડગામના કરનાળા ગામે "૧૧" વૃક્ષોની કતલ

## તંત્રની વૃક્ષછેદનની કવાયતથી ચકચાર

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના કરનાળા ગ્રામપંચાયત વિસ્તારના કરનાળા ગામના સર્વેનંબર ૧/૨ પૈકીમાં વર્ષો જુના વડના સાત વૃક્ષો, ચાર લિંબડા, એક પેપર સહિત કુલ અગિયાર વૃક્ષોનું બિન પરવાનગીએ વૃક્ષછેદન કરતાં ગામના જાગૃત નાગરિક મહેશભાઈ કાનજીભાઈ પટેલે જિલ્લા કલેક્ટર,જિલ્લા વિકાસ અધિકારી, મામલતદાર, તા.વિકાસ અધિકારીને લેખિત ફરીયાદ કરતાં વડગામ મામલતદાર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે અને સર્કલ ઓફીસર દ્વારા સ્થળનું પંચનામું કરી વૃક્ષછેદન અંગેની તજવિજ હાથ ધરાતાં ચકચાર મચી જવા પામી છે.

# ડીસા રેસ્ટહાઉસ ખાતે ધારાસભ્યનો લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો

## ડીસા નગરજનોએ ગંદકી દૂર કરવા, ગટર સફાઈ, રસ્તાઓમાં પડેલ ખાડાઓ પુરવા રજૂઆતો કરી

ડીસા

ડીસા વિભાગના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ડીસા રેસ્ટહાઉસ ખાતે દર સોમવારે યોજાતા લોક સંપર્ક કાર્યક્રમમાં હાજર રહી પ્રજાજનોની સમસ્યાઓ સાંભળી હતી.



આ કાર્યક્રમમાં ડીસા નગરપાલિકા વિસ્તારના શહેરીજનોએ ડીસા પાલિકાની કાર્યવાહી સામે રજૂઆતો કરી હતી.જેમાં સફાઈ કામગીરી થતી નથી, ગટરોની સફાઈ નિયમિત થતી નથી, શહેરમાં આવેલ રસ્તાઓમાં પડેલ ખાડાઓ પુરવા, શહેરમાં રસ્તાઓ તુટી ગયેલ છે તેનું રીપેરીંગ કરવા, નવીન રોડ બનાવવાની કામગીરી અધુરી પડેલ છે.તે તાત્કાલિક પુર્ણ કરવા વિગેરે રજૂઆતો થઈ હતી.

આ ઉપરાંત વિકાસના કામો અંગે ડીસા વિભાગના ગ્રામજનો વિવિધ સરપંચો, ડેલીગેટો તેમના વિસ્તારના વિવિધ પ્રશ્નો સમસ્યાઓની રજૂઆતો કરી હતી.જેમાં આરોગ્ય સેવાઓ પુરી પાડવા, કર્મચારીઓની ઘટ પુરી કરવા, કેટલીક ગ્રામ પંચાયતોના મકાનો જીર્ણ થઈ ગયેલ છે.તે નવીન બનાવવા, સ્મશાનગ્રૃહોમાં શેડ બનાવવા, નવીન રસ્તાઓ બનાવવા, ધોવાયેલ રસ્તાઓ રીપેર કરાવવા વિગેરે રજૂઆતો થઈ હતી.

વધુમાં ભારે વરસાદથી થયેલ નુકશાન અંગે અસરગ્રસ્તોએ કેશડોલ, ઘરવખરી, પશુમૃત્યુ સહાય તથા કેટલાક ખેડૂતોના બોર ફેઈલ થયેલ છે તેમને સહાય ચુકવવા રજૂઆત થઈ હતી.

જો કે, ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ આ તમામ રજૂઆતો સાંભળી તેના તાત્કાલિક નિવારણ માટે સંબધિત અધિકારીઓ, સરકારી તંત્રને રજૂઆત કરી નિકાલ કરવા ખાત્રી આપી હતી.

## ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી

# વાવ તાલુકામાં થયેલા વિકાસના કામોનાં ''લેખાં જોખાં''

## આગામી ૫ વર્ષમાં વાવ મીની ગાંધીનગર બની જશે : શંકરભાઈ ચૌધરી



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં અતિપછાત અને રણવિસ્તાર ધરાવતા સરહદી વાવ પંથકે વિકાસની હરણફાળ ભરી છે. છેલ્લા પાંચ વર્ષમાં વાવ તાલુકામાં થયેલા વિકાસના લેખાં જોખાં ઉપર એક નજર કરીએ તો હાલની દ્દષ્ટિએ વાવ તાલુકાએ વિકાસની હરણફાળ તરફ ચાલી રહ્યો છે. ત્યારે રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે આગામી પાંચવર્ષમાં સરહદી વાવ તાલુકો મીની ગાંધીનગર બની જશે.

વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ ના વાવ તાલુકાના વિકાસના કામો ઉપર નજર કરીએ તો વાવ ખાતે મોડલ સ્કુલ, ગર્લ્સ હોસ્ટેલ, આર્ટસ- કોમર્સ કોલેજ, આઈ.ટી.આઈ કોલેજ વાવથી ભાભરનો નવીન રોડ ૧૪ કરોડના ખર્ચે, કુંભારડી મુકામે ૯ કરોડના ખર્ચે પાણી પુરવઠા જૂથ યોજના, વાવ ખાતે રૂા. ૩.૪૭ કરોડના ખર્ચે રેફરલ હોસ્પિટલનું નવીન મકાન મંજુર, કરોડો રૂપિયાના ખર્ચે કોર્ટનું નવુ સંકુલ, રાધાનેસડા પ્રોજેક્ટને પ્રાથમિક મંજુરી, ૬૦ વર્ષથી વીજળીથી વંચિત એવા રાધાનેસડા વિસ્તારને દોઢ કરોડના ખર્ચે ''સોલાર ગામ'' તરીકે જાહેર કરાયું. વાવ તાલુકાના ૭૦ ટકા ગામોમાં નર્મદા કેનાલથી જોડાણ, ઢીમા યાત્રાધામના વિકાસ માટે ૫ કરોડની ગ્રાન્ટ મંજુર, અનકમાન્ડ વિસ્તાર જેવા કે દેથળી, ધરાધરા, સવપુરા, વાસરડા અને સુઈગામ સુધીના ગામોને કાચી કેનાલથી જોડવાનું સર્વેનું કામપૂર્ણ, ઢીમાથી ટડાવ રોડ પહોળો કરવાનું કામ શરૂ કરાયું.

અનુસંધાન પાના નં.૬

# પિલુચા ચોકડી પર બે બાઈકો સામસામે ટકરાયા

પ્રતિનિધિ પિલુચા

વડગામના પિલુચા ચોકડી પર થઈને નેશનલ હાઈવે નં.૫૮ પસાર થાય છે. તેથી વાહનોનો વધુ ઘસારો જોવા મળે છે. જેથી સવારના ૧૦:૩૦ ના સમયે ગામના ચેલાભાઈ ચૌધરી પોતાનું બાઈક લઈને મિનરલ પાણી લેવા માટે ચોકડી પર ગયા હતા. જેઓ પાણી લઈને પરત ફરતા ચોકડી નજીક સામેથી બાઈક આવતા બન્ને બાઈક ચાલકો સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા સામસામે ટકરાયા હતા. જેથી ચેલાભાઈ ચૌધરી બાઈક ઉપરથી નીચે પડી જવાથી પગના ભાગે નાની- મોટી ઈજા થવા પામી હતી. જેથી તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય પિલુચા ખાતે સારવાર આપવામાં આવી હતી. જો કે પગના ભાગે ગંભીર ઈજા થવાથી પાલનપુર ખાનગી હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે લઈ જવાયા હતા.

# કાંકરેજના સુદ્રોસણ ગામના પશુ પાલકો સહાયથી વંચિત

## મામલતદાર અને ટી.ડી.ઓ. સમક્ષ ઉગ્ર રજુઆત



વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના સુદ્રોસણ ગામના ૨૯ જેટલા પશુ માલિકોએ તા. ૨૪/૭/૨૦૧૭ ના રોજ અતિભારે પૂર અને વરસાદના કારણે પોતાના પશુઓ મૃત પામેલ જે બાબતે કોઈ જાતની સહાય ન મળતા કાંકરેજ મામલતદાર કચેરીએ તેમજ તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજુઆત કરેલ. જેમાં કાંકરેજ ધારાસભ્ય ધારસીભાઈ ખાનપુરા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ઠક્કર તેમજ ભૂપતજી ઠાકોર (તાલુકા સદસ્ય સુદ્રોસણ) ગામના પશુ માલિકો સાથે રહી રજુઆત કરેલ. જેઓએ મામલતદાર કચેરીએ લેખિતમાં રજુઆત કરેલ. તેમજ તાલુકા વિકાસ અધિકારીને પણ લેખિતમાં રજુઆત કરેલ. જેમાં ૨૯ પશુ માલિકોએ પોતાના મૃત પશુઓનું બનાસ નદીમાં અતિભારે પુર આવવાથી ગામમાં રસ્તાઓ બંધ હોઈ પોતાના પશુઓના મૃતદેહનું પી.એમ. ન કરાવી શકેલ તેમ તેઓએ લેખિતમાં જણાવેલ અને તેમણે યોગ્ય સહાય મળે તે બાબતે રજુઆત કરેલ.

### તાલુકા પંચાયતમાં ધામા

સુદ્રોસણ ગામના પશુપાલકોએ મૃત પશુઓની સહાય ચૂકવાતી ન હોવાના આક્ષેપો સાથે ઉગ્ર રજૂઆતો કરી હતી. બાદમાં તેઓ આ લખાય છે ત્યાં સુધી તાલુકા પંચાયતમાં જ ધામા નાખી અમારી વ્યાજબી રજૂઆતો કોઈ સાંભળતું ન હોવાનું જણાવ્યું હતું.

# થરાદ સાયન્સ કોલેજના છાત્રોને આઈકાર્ડ અપાયા



વિષ્ણુ દવે

થરાદ સાયન્સ કોલેજમાં છેલ્લા બે વર્ષથી કોઈ વિદ્યાર્થીને આઈકાર્ડ આપવામાં આવતા ન હતા આથી એનએમયુના જિલ્લા મહામંત્રી પ્રતાપસિંહ આર.રાજપૂત દ્વારા કોલેજના પ્રિન્સિપાલને મૌલિક રજૂઆત કરી હતી. જેના પરિણામે કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ડીઝીટલ આઈકાર્ડ આપવામાં આવ્યા હતા.

# થરા વી.આર.પટેલ આર્ટસ કોલેજ ખાતે નમો ઈ- ટેબલેટનું વિતરણ



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે કોમ્પ્યુટરાઈઝડ યુગમાં અભ્યાસમાં ઈ-ટેબથી અદ્યતન માહિતી સભર અભ્યાસક્રમ બને તેવા ઉમદા ઉદ્દેશથી રાજયમાં જુન-૨૦૧૭ માં કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ભાઈ- બહેનોને રૂા. ૧૦૦૦ ના ટોકન ચાર્જથી નમો- ઈ ટેબ યોજના અંતર્ગત ટેબલેટ આપવાનું શરૂ કર્યું છે. જેના ભાગરૂપે ગઈકાલે થરા વી.આર.પટેલ આર્ટસ કોલેજ ખાતે સહકાર સેલ બનાસકાંઠા જિલ્લા ભાજપના કન્વીનર કોલેજના પ્રમુખ માર્કેટયાર્ડ- થરાના ચેરમેન અણદાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ટેબલેટ વિતરણ સમારોહ યોજાયો. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે,

અનુસંધાન પાના નં.૬

# ધાખાની સ્કૂલમાં જૈનાચાર્યનું પ્રવચન યોજાયું

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા નગરે ચાતુર્માસ બિરાજમાન જૈનાચાર્સ અરવિંદ સુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સુંદર આરાધના ચાલી રહેલ છે તેમાં સ્કૂલના બાળકોની લાયકાત ધ્યાનમાં લઈ ધાખા નગરના જૈનાચાર્ય શ્રી અહંભ સુરીશ્વર મ.સા. પ્રવચન આપવા માટે પધાર્યા હતા તેમણે બાળકોને વ્યસન મુક્તિનો સંદેશ સાથે પોતાના વડીલ માતા-પિતાનો આદર કરવા પ્રવચનમાં માર્ગદર્શન આપેલ તેમજ બાળકોને ઉંચા ધ્યેય સાથે અભ્યાસ કરી પોતાના જીવનને આદર્શ જીવન બનાવવા માટે ખાસ પ્રેરણા કરેલ તેમજ આશીર્વાદ આપ્યા હતા.

# પાલનપુરથી યાત્રાસંઘનું પ્રસ્થાન



સંજય જોષી

પાલનપુર

પાલનપુર ખાતેથી ચાંગાવાળા વિમળાબેન જયંતિલાલ વ્યાસ પરિવાર દ્વારા આયોજીત યાત્રા સંઘનું ગતરોજ પાલનપુર સીટીલાઈટ રેસીડેન્સી ખાતેથી જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવેના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.આ યાત્રા છેલ્લા બે વર્ષથી વિમળાબેન જયંતિલાલ વ્યાસની પ્રેરણા થકી તેમના પુત્રો શૈલેષભાઈ વ્યાસ, કૌશિકભાઈ વ્યાસ તેમજ હરેશભાઈ વ્યાસ દ્વારા યોજવામાં આવે છે.જેમાં સમાજનાં સીનીયર સીટીઝન અને વિધવા બહેનોને આ યાત્રા વિનામુલ્યે કરાવવામાં આવે છે.આ યાત્રા લક્ઝરી મારફત પાલનપુરથી નિકળી શિરડી, રાની શીંગણાપુર, ઓઝર, નાસીક, ત્ર્યંબકેશ્વર, પોઈચા અને નારેશ્વર ખાતે ભક્તિભાવ ભર્યા માહોલમાં યોજાશે.તા.૮ થી ૧૩ દરમ્યાન આયોજીત આ યાત્રાના આયોજન અંગેની વધુ વિગતો આયોજનક કૌશીકભાઈ વ્યાસે આપી હતી.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, પાલનપુર તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ સુમતીભાઈ રાવલ, બકાભાઈ પાધ્યા, મનોજ જોષી સહિતના અગ્રણી ભાઈઓ-બહેનો હાજર રહ્યા હતા.

# થરાદમાં પાલિકા સદસ્યના પ્રતિક ઉપવાસ યથાવત



વિષ્ણુ દવે

થરાદ નગરપાલિકાના સદસ્ય હાજીભાઈ પઠાણ સહિત ગ્રામજનોના પ્રાંત કચેરી ખાતે પ્રતિક ઉપવાસ બીજા દિવસે યથાવત રહ્યા હતા. જેમાં મહિલાઓ પણ જોડાઈ હતી જ્યાં સુધી થરાદના પૂરગ્રસ્ત લોકોને ન્યાય નહી મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો.

# દિયોદર તાલુકામાં મા નર્મદા રથયાત્રાનું પરિભ્રમણ



ચેતન કોઠારી

પ્રતિનિધિ રૈયા

ગુજરાત સરકાર દ્વારા તા. ૬ થી ૧૫ સપ્ટેમ્બર સુધી યોજાઈ રહેલ નર્મદા મહોત્સવ યાત્રા અંતર્ગત ગતરોજ લુદરાથી શરૂ થયેલ દિયોદર તાલુકાની નર્મદા યાત્રાનું તા. ૧૦ મી સપ્ટેમ્બરના રોજે કુવારવા, સરદારપુરા, જસાલી અને સોની મુકામે પરિભ્રમણ હતુ.

આ યાત્રામાં આ ચારેય ગામોના ગ્રામજનોએ ઢોલ- નગારા સાથે નર્મદા મૈયાના રથનું સ્વાગત કરેલ. ગામોની બાળાઓ દ્વારા કુમકુમ તિલક અને સામૈયુ કરી રથને વધાવેલ. આ રથયાત્રામાં મુખ્ય મહેમાન અને અધ્યક્ષ તરીકે રાજયમંત્રી અને દિયોદરના ધારાસભ્ય કેશાજી ચૌહાણ ઉપસ્થિત રહેલ. રાજયના મંત્રી કેશાજી ચૌહાણ અને અન્ય મહેમાનો દ્વારા નર્મદા યાત્રા અંતર્ગત નર્મદા નદી અને સરદાર સરોવર ડેમ વિશેની માહિતી આપવામાં આવેલ. આ રથયાત્રામાં મંત્રી સાથે તાલુકા પંચાયત પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા, તાલુકા ભાજપ પ્રમુખ પરાગભાઈ જોષી, દિયોદર રજવાડાના દિલીપસિંહ વાઘેલા, કાનજીભાઈ સુથાર, રમેશભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ મહિલા મહામંત્રી ભીખીબેન વોરા, ચગવાડાના સરપંચ જગદીશભાઈ ચૌધરી, કુંવારવામાં ત્રિકમભાઈ મંત્રી,

અનુસંધાન પાના નં.૬

# ગાંગોલ ખાતે મા નર્મદા મહોત્સવ રથનું સ્વાગત



ચેતન કોઠારી

પ્રતિનિધિ રૈયા

દિયોદર તાલુકાના ગાંગોળ ખાતે તા. ૧૧/૯/૨૦૧૭ ના રોજ મા નર્મદા મહોત્સવ રથ સાંજે પાંચ વાગ્યે આવી પહોંચતા ગામના વડીલ તથા પૂર્વ બનાસબેંકના ડિરેક્ટર તેજાબા, સરપંચ કરશનભાઈ, બનાસબેંકના ડિરેક્ટર ઈશ્વરભાઈ ટી.પટેલ, ભગવાનભાઈ પટેલ, વિરમભાઈ ડેપ્યુટી સરપંચ ભેમાભાઈ સુથાર, ચમનાજી ઠાકોરે તેનું ભવ્ય સ્વાગત કરેલ. ગામની ૫૧ કન્યાઓ દ્વારા ૫૧ આરતી ઉતારવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ, બનાસબેંક ડિરેક્ટર ઈશ્વરભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ઉતમસિંહ વાઘેલા, રાજવી દિલીપસિંહજી વાઘેલા, ચતરાજી પટેલ, વનરાજસિંહ વાઘેલા, બાબુભાઈ માળી, નવીનભાઈ ત્રિવેદી તથા સમસ્ત ગ્રામજનો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રાથમિક શાળા તથા આદર્શ વિદ્યાલય ગાંગોળના સમગ્ર સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવેલ.

### ભાદરવા મહિનામાં શ્રાધ્ધનો ભારે મહિમા

# ભાદરવા સુદ પુનમથી ભાદરવા વદ અમાસ સુધી ૧૬ દિવસ શ્રાધ્ધ કરવામાં આવે છે



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

આપણી હિન્દુ સંસ્કૃતિમાં ભાદરવા માસની પુનમથી અમાસ સુધીના ૧૬ દિવસોને શ્રાધ્ધ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસો દરમિયાન પિતૃઓનું સ્મરણ- તર્પણ કરવામાં આવે છે. જેથી પિતૃઓનું સ્મરણ પુજન કરવું. જેનાથી પિતૃઓના આશિષ મળી રહે છે અને જો પિતૃઓની કૃપા મળી જાય તો કુળની પ્રગતિ થઈ જાય છે. જેથી દરેક શ્રાધ્ધ પક્ષમાં પિતૃઓ પર શ્રધ્ધા રાખી શ્રાધ્ધ કરતા હોય છે.

શ્રાધ્ધ પક્ષમાં કરાતુ શ્રાધ્ધ પિતૃઓ પ્રત્યેની આપણી ભાવના જાગૃત કરે છે. એમના પ્રત્યેનો સુક્ષ્મ પ્રભાવ એ જ આપણી શ્રધ્ધા રહેલી છે ત્યારે શ્રાધ્ધ પક્ષ દરમિયાન પિતૃઓનું તર્પણ કરી મિષ્ટ ભોજન બનાવી તેમાંથી ગાય કુતરાનો ભાગ કાઢી કાગવાશ નાખવામાં આવે છે. ત્યારબાદ પરિવાર ભોજન કરે છે. શ્રાધ્ધ પક્ષ શરૂ થતાં ઠેરઠેર શ્રધ્ધાપૂર્વક શ્રાધ્ધ કરવામાં આવી રહ્યા છે. અનેક લોકો નદી, નાળા, તળાવના કિનારે જઈ વિવિધ વિધિવિધાન પણ આ દિવસો દરમ્યાન કરાવતા હોય છે. આપણે ત્યાં સિધ્ધપુર માતૃગયા તિર્થ તરીકે વિશ્વફલક પર પ્રચલિત છે.

અનુસંધાન પાના નં.૬

# વડગામ બી.એસ.એન.એલ. દ્વારા સીમકાર્ડનું વિનામુલ્યે વિતરણ



પુષ્કર ગૌસ્વામી

ભારત સંચાર નિગમ અંતર્ગત વડગામ બી.એસ.એન.એલ. દ્વારા તાજેતરમાં વડગામ બસસ્ટેન્ડ ઉપર સીમ કાર્ડનું વિના મુલ્યે વિતરણ કરાયું હતું.જેમાં ટેકનિકલ ઓફીસરો, વહીવટી સ્ટાફ કર્મચારીઓએ ગ્રાહકોને બી.એસ.એન.એલ.મોબાઈલ સુવિધા વિશે માહિતગાર કર્યા હતા.

# જાખડેશ્વર પ્રા શાળામાં સી.આર.સી.કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકામાં આવેલ જાખડેશ્વર પ્રાથમિક શાળામાં જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રાયોજિત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પાલનપુર આયોજિત સી.આર.સી. કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન અને કલા મહોત્સવ યોજાયો હતો.જેમાં વિભાગ નંબર ૧ થી ૫ માં ૩૦ કૃતિઓ અને ૧૧ શાળાઓ સહભાગી બની હતી તેમજ ૮૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો જેમાં સી.આર.સી. સરદાર કૃષિનગર ફલજીભાઈ, અને જિલ્લા સંઘ ના પ્રતિનિધિ મનુભાઈ અભેરાજ પટેલ સહીત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. અને વધુમાં મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે દરેક બાળક માં આગવી કલાસૂઝ હોય જ છે પરંતુ તેમને આવી પ્રવૃત્તિ દ્વારા ઉત્સુકતા લાવવી જરૂરી છે.

# ડીસા કોલેજના છાત્રો ખેલ મહાકુંભમાં ઝળકયા

## દોડ, ચેસમાં એક વિધ્યાર્થીની સહિત પાંચ છાત્રો પ્રથમ



ભરત સુંદેશા

ડીસા

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ મા ડીસાની ડી એન પી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું છે. દોડ અને ચેસની રમતમાં એક વિદ્યાર્થીની સહિત પાંચ વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર મેળવ્યો છે.

ડીસાની ડી એન પી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના છાત્રો હંમેશા રમતગમત ક્ષેત્ર માં પોતાનું નામ ઉજળું કરી રહ્યા છે. ખેલ મહાકુંભમાં પણ ગત વર્ષે ની માફક આ વર્ષે પણ કોલેજના અનેક વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી સફળતા પ્રાપ્ત કરી છે. કોલેજના વિદ્યાર્થી રઘુ વરવાસીયા એ ૮૦૦ મી. દોડમાં પથમ, મહેશ પરમાર ૩ કી.મી દોડમાં પ્રથમ અને ૧૫૦૦ મી. દોડમાં બીજો, દિનેશ પટ્ટણી ૨૦૦ મીટર દોડમાં પ્રથમ,પ્રહલાદ ચંડીસરા ૫૦૦મી. દોડમા પ્રથમ, ગુંજન પરમાર ચેસમાં દ્વિતીય અને ક્રિષ્નાબેન સોલંકી ૧૦૦મી, ૨૦૦ મી. અને ૪૦૦ મીટર દોડ માં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપનાર કોલેજના સ્પોર્ટ્સ પ્રાધ્યાપક ડૉ.આર.ડી ચૌધરીને અને ખેલાડીઓને કોલેજના ટ્રસ્ટીઓ અને પ્રાધ્યાપક ગણે અભિનંદન પાઠવ્યા હતા.

**ભાભર નગર સેવા સદન**

ખાડીયા વિસ્તાર, ભાભર-૩૮૫૩૨૦ જિ.બનાસકાંઠા

ફોન નં.૦૨૭૩૫ ૨૨૨૧૩૩, ફેકસ : ૨૨૨૦૫૨

**વોક ઈન ઈન્ટરવ્યુ**

ભાભર નગરપાલિકા ખાતે ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન અંતર્ગત સી.એલ.સી.માં નીચે જણાવેલ તદ્દન હંગામી ધોરણે ઉચ્ચક પગારથી ૧૧ માસ સુધી કરારના ધોરણે ભરવાનું ઠરાવેલ છે. આ માટે નીચેના કોષ્ટકમાં જણાવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને તા. ૨૦-૯-૨૦૧૭ ના રોજ જિલ્લા મ્યુનિસિપલ અધિકારીશ્રીની કચેરી, કલેકટર ઓફીસ, પહેલો માળ, પાલનપુર ખાતે સવારે ૧૧.૦૦ કલાકે સંબધિત જગ્યા માટેની અરજી, બે કલર પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, તમામ અસલ પ્રમાણપત્રો અને તેની એક પ્રમાણિત નકલ સાથે વોક ઈન ઈન્ટરવ્યુ માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. તેમજ મિશન મંગલમ યોજનાના ફાજલ પડેલ કર્મચારીઓને પ્રાધાન્ય આપવામાં આવશે.

| જગાનું નામ અને સંખ્યા | શૈક્ષણિક લાયકાત, ઉંમર, અનુભવ | ઉચ્ચક માસિક વેતન રૂા. |
|---|---|---|
| સમાજ સંગઠક - ૧ (એક) | માન્ય યુનિવર્સિટીના સ્નાતક, સી.સી.સી. પરીક્ષા પાસ | ૪૦૦૦/- |

નોંધ : વોક ઈન ઈન્ટરવ્યુ માટે ઉમેદવારનું રજીસ્ટ્રેશન સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન જ કરવામાં આવશે. સમય મર્યાદા બાદ આવેલા ઉમેદવારનું ઈન્ટરવ્યુ લેવામાં આવશે નહિં જેની ખાસ નોંધ લેવી.

(કલ્પેશ ભટ્ટ)
મુખ્ય અધિકારી
ભાભર, નગરપાલિકા

# તંત્રી સ્થાનેથી ...

## પહેલા રસ્તો ઓળખો.પછી એની પર ચાલો

## દેશજનોના પ્રશ્નોનું નિવારણ લાવવા અધિકારીઓને વડાપ્રધાનની ટકોર

દેશમાં પ્રજાજનોની ફરિયાદને ધ્યાનમાં લેવી તે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ફરજમાં આવે છે. હાલના તબક્કે સરકારના અસંખ્ય મંત્રાલયોમાં નીતિમત્તાપૂર્વક કામકાજ ચાલતું હશે? આ સવાલ આમ તો ગંભીર માની શકાય. કેમ કે કામકાજ થાય છે તે કેટલા સમયમાં અને કામકાજ પૂર્ણ કરવામાં કયા કયા અધિકારીઓ ભારે પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. તેની પણ જાણકારી સરકારે મેળવવી જોઈએ. તાજેતરમાં રાજધાની ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ''પ્રધાનો તેમના કામકાજ તન- મનથી નિભાવે'' પ્રજાજનોની ફરિયાદો આવે તે ચલાવી લેવામાં આવશે નહિં''!

વડાપ્રધાનની નવા મંત્રીઓને કેટલી ટકોર દિશાસૂચક માની શકાય. ખરેખર તો દર માસે મંત્રીઓના કામકાજની વડાપ્રધાનના મંત્રાલય દ્વારા તપાસ થવી જોઈએ. કેમ કે મંત્રીઓને વેતન-ભથ્થુ અને કરોડોની ગ્રાન્ટો ફાળવવામાં આવતી હોય છે. જો સરકાર મંત્રીઓને તેમની જરૂરિયાત મુજબ નાણાં ધીરતી હોય તો તેઓએ પણ તેમના હોદ્દાને અનુરૂપ કામ કરવું પડે.. તેમાં કોઈપણ જાતની દલીલ કે આળસ ચાલે નહિં! ત્યારે હમણાં હમણાં દેશજનોના પ્રશ્નો હલ ન થતાં વડાપ્રધાને નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કસ્ટમ્સ અને એક્સાઈસ સેન્ટર સાથે સંબંધિત લોકોની ફરિયાદોને ગંભીરતાથી લીધી છે, અને જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ આકરા પગલાં ભરવાનો નિર્દેશ કર્યો હતો.

વડાપ્રધાન મોદીએ તમામ વિભાગના સચિવોને લોકોની ફરિયાદોના નિકાલ માટે એક વ્યવસ્થા બનાવે, વડાપ્રધાને આ નિર્દેશ વિડીયો કોન્ફરન્સિંગ થકી આપ્યો હતો. ગ્રામ્ય અને શહેરોની જનતાના પ્રશ્નો ખૂબ જ વધ્યા છે. ક્યારેક અધિકારીઓના ગજવા ગરમ કર્યા સિવાય કામ થતું હોતું નથી. આ બાબતે પણ વડાપ્રધાને અધિકારીઓને ટકોર કરી નિઃસ્વાર્થ પણે કામ કરવાનું આહવાન કર્યું હતું. વડાપ્રધાનનું આ પગલું દેશજનો માટે વ્યવહારૂ કહી શકાય. જનતાના કેટલાક પ્રશ્નો તરફ અધિકારીઓ બેધ્યાન રહેતા હોય છે. આ બાબત સરકારે ચલાવી લેવી જોઈએ નહિં. જે પ્રજા પોતાનો મત આપીને પ્રજાના પ્રતિનિધિઓને ચૂંટી કાઢે છે તે તમામ પ્રતિનિધિઓએ પ્રજાજનો માટે વ્યવહારૂ બનવું જોઈએ, નહિં તો આવનારી ચૂંટણીમાં તેમનો ખેલ ખતમ થઈ જશે!

ગામડાના અને શહેરના ગરીબ- સામાન્ય લોકો સરકારી તંત્ર પર વિશ્વાસ રાખીને તેમના અટવાયેલા પ્રશ્નો કે અટવાયેલી ફાઈલો માટે યોગ્ય કરવા રજુઆત કરતા હોય છે. પરંતુ મહિનાઓ અને વર્ષો સુધી તેમના પ્રશ્નો અટવાયેલા જ રહેતા હોય છે. હકીકતમાં દરેક મંત્રીએ પોતાના ક્ષેત્રમાં આવતી કામગીરીને ઝડપથી હાથ ધરવી જોઈએ અને તે પરિપૂર્ણ કરવા કવાયત કરવી જોઈએ અને એ કામગીરીનો અહેવાલ સરકાર સમક્ષ રજુ કરવો જોઈએ. તો સરકાર પણ તેમની કદર કર્યા સિવાય રહેશે નહિં..

તાજેતરમાં ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરથી અસર થયેલા લોકોના પ્રશ્નો અધ્ધરતાલ રહ્યા છે. અસરગ્રસ્તોને ધરણાં કરવા પડે, આમરણાંત ઉપવાસ પર ઉતરવું પડે ત્યાં સુધી કોઈ અધિકારીનું પેટનું પાણી હલે નહિં તે કેવી રીતે ચલાવી લેવાય. સરકારે પણ સરકારી ફંકશનો- મેળાવડાઓ અને ઉત્સવોમાં થોડી કરકસર કરીને અસરગ્રસ્તોને તમામ સહાય પૂર્ણ કરવી જોઈએ. ગુજરાતના કેટલાક ગામો અને ખેતરોમાંથી પૂરના પાણી ઓસર્યા નથી ત્યારે બે ગામોના અસરગ્રસ્તોનું જીવનધોરણ સુધારવા માટે સરકારે શું કર્યું? તેવા પ્રશ્નોની ઝંડી ચારેકોરથી વરસી રહી છે. કેન્દ્ર સરકારે આ બાબતે યોગ્ય કરવું જ જોઈએ.

જ્યારે વર્ષો જુના કૌભાંડોની તપાસની આડે કોણ 'રોડા' નાંખી રહ્યું છે. તે જ સમજાતું નથી. ઘાસચારા જેવા કરોડો રૂપિયાના કૌભાંડોની તપાસ સરકાર ચલાવે અને વસુલાત કરે તો કરોડ રૂપિયાથી સરકારની અનેક નાની યોજનાઓને નિવારી શકાય. સરકારી નાણાંનો અંગત ઉપયોગ કરતા મંત્રીઓ કે અધિકારીઓ સામે સરકારે લાલ આંખ કરવાના દિવસો આવી ચુક્યા છે.

## વધુ શ્રેષ્ઠ, વધારે પાવરફૂલઃ બિક્સબી ક્ષમતાઓ સાથે અને ભારતમાં એસ પેન સાથે સેમસંગ ગેલેક્સી નોટ 8 લોંચ

નવી દિલ્હી

સેમસંગ ઈલેક્ટ્રોનિક્સએ આજે ભારતમાં તેનો ફ્લેગશિપ સ્માર્ટફોન ગેલેક્સી નોટ૮ લોંચ કર્યો હતો, જે વધારે સુવિધાઓ ઈચ્છતાં લોકો માટે વધારે આધુનિક નોટ છે.

સેમસંગ આગામી થોડાં અઠવાડિયાઓમાં તેનાં ઈન્ટેલિજન્ટ ઈન્ટરફેસ બિક્સબીમાં 'મેક ફોર ઈન્ડિયા' નવીનતાઓ સાથે બિક્સબી વોઈસ ક્ષમતાઓ પણ પ્રસ્તુત કરશે. બિક્સબી ગેલેક્સી નોટ૮ તથા ગેલેક્સી જી૮ અને ગેલેક્સી જી૮+ ઉપકરણો પર ઉપલબ્ધ થશે.



ગેલેક્સી નોટ૮ સાથે ઉપભોક્તાઓ મોટી, ઈમર્સિવ ઈન્ફિનિટી ડિસ્પ્લે મેળવે છે, જે એક હાથમાં રાખીને કામગીરી કરવા માટે ફિટ છે. વળી તે એસ પેન ધરાવે છે, જેથી વધારે અંગત રીતે સંચાર કરી શકાય છે અને ડ્યુઅલ ઓપ્ટિકલ ઈમેજ સ્ટેબિલાઈઝેશન (ઓઆઈએસ) સાથે તેનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ ડ્યુઅલ કેમેરા તમામ સ્થિતિસંજોગોમાં આકર્ષક ફોટો લે છે.

સેમસંગની નોટ સીરિઝને ભારતમાં લાખો ઉપભોક્તાઓએ સારો પ્રતિસાદ આપ્યો છે, જે ક્રાંતિકારી મોબાઈલ પેમેન્ટ સર્વિસ સેમસંગ પે અને સેમસંગનાં ડિફેન્સ-ગ્રેડ સીક્યોરિટી પ્લેટફોર્મ સેમસંગ નોક્સ સાથે આવે છે, જે તેને બજારમાં સૌથી વધુ પસંદગીને પાત્ર સ્માર્ટફોન બનાવે છે.

ગેલેક્સી નોટ૮ ઉપભોક્તાની જરૂરિયાત પૂર્ણ કરે અને સમકાલીન ટેકનોલજી પૂરી પાડે એ માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. સેમસંગનાં સાઈથવેસ્ટ એશિયાનાં પ્રેસિડન્ટ અને સીઈઓ શ્રી એચ સી હોંગે કહ્યું હતું કે, ''ભારતીય ગેલેક્સી નોટને વિવિધ સુવિધાઓને કારણે પસંદ કરે છે, જેમ કે મોટી સ્ક્રીન, વિશિષ્ટ એસ પેન અને એકસાથે વિવિધ કાર્યો કરવાની ક્ષમતાઓ.

### આત્મચિતન

## અહંકાર એક સત્યાનાશી દુર્ગુણ

**પરમાત્મા અહંકારનો નાશ કરવાનો સદાય પ્રયત્ન કરતા રહે છે.કારણ કે આજ દુર્ગુણ ભવબંધનોમાં જીવને બાંધી રાખવામાં લોઢાની મજબુત સાંકળનું કામ કરે છે.અહંકારને જ અસુરતાનું પ્રતિક માનવામાં આવે છે.અહંકારીની મહત્વકાંક્ષાઓ સંસારને માટે એક વિપતી જ પુરવાર થાય છે.સિકંદર, તૈમુરલંગ, નાદિરશાહ, નેપોલિયન વગેરેના અહંકારે શાંત પ્રજાને કેટલી બધી ભયભીત કરી હતી એનું રોમાંચકારી ચિત્ર ઈતિહાસના દરેક વિદ્યાર્થીને યાદ હશે.અહંકારનો માર્ગ દરેક મનુષ્યને આ દિશામાં લઈ જાય છે.જેટલી તેની ક્ષમતા અને જેવી પરિસ્થિતિ હોય છે તેના પ્રમાણમાં તે વિપત્તિનું કારણ બનતો થાય છે. સફળતા પ્રાપ્ત કરવાનો આપણે પ્રયત્ન કરીએ, પરંતુ એ ન ભુલીએ કે તેની સાથે ફુલ સાથે કાંટાની જેમ અહંકાર છુપાયેલો રહે છે તેનો હુમલો ક્યાંક આપણા ઉપર ન થઈ જાય. દરેક સફળતા માટે આપણે આપણા સહયોગીઓ અને માર્ગદર્શકોના કૃતજ્ઞ બનવું જોઈએ તથા ઈશ્વરને સાચા હૃદયથી ધન્યવાદ આપવા જોઈએ કે તેની અનુકંપાથી જ આટલું શ્રેય પ્રાપ્ત થઈ શક્યું છે, પરંતુ તુચ્છતાને પણ ન ભુલવી જોઈએ.એક જ ઝાટકામાં જ્યારે મોટા મોટા કિલ્લા ભાંગીને ભુક્કો થઈ જાય છે, તો બિચારા તુચ્છ મનુષ્યની શી વિસાત ? મનુષ્યે પોતાની મહાનતા યાદ રાખવી જોઈએ.**

**- ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

# ઈ વઉવારુનું શું થતું હશે?

ચણિયાળા ગામમાં જ્યારે સરવીસ ઊભી રહી ત્યારે ડાહીબાએ બેય છોકરાંને હડબડાવ્યાં... 'હેંડો... હેંડો ચણિયાળું આઈ ગ્યું.'

તેર- ચૌદ વર્ષનો દીકરો વરધી અને નાનકડી સરસ્વતી બન્ને સીટ ઉપરથી ઊભા થયાં. ડાહીબાએ ઉપરની છાજલી ઉપર રાખેલી પતરાની ટંકડી ઝટપટ ઉતારી ને બાળકો સાથે નીચે ઉતરવા લાગ્યાં. સરવીસની નીચે માણસોનું ટોળું વળી ગયેલું. ઈ.સ. ૧૯૫૨ ની એ સાલ. હજુ ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો શરૂ થયેલી નહીં. ઉત્તર ગુજરાતમાં ખાનગી સરવીસો છૂટી છવાઈ ચાલે. વારાહીના ઠક્કર ઠાકરસી વજેરામની આ સરવીસ વારાહીથી સવારે ઉપડી હારીજ જાય ને બપોરે હારીજથી ઉપડી સાંજે વારાહી પહોંચે દિવસમાં એક જ સરવીસ ચાલે. એમાં જો ચૂકી જવાય તો બીજે દિવસે સરવીસ મળે. બીજા કોઈ વાહનો નહીં. હારીજ ને વઢિયારમાં ગણ્યા- ગાંઠ્યા બે - ચાર ખટારા હતા. એટલે સરવીસમાં ઘસારો બહુ રહે. પતરાની ટંકડી લઈને ડાહીબા માંડ- માંડ બહાર નીકળ્યાં. ચણિયાળાના પાદરમાં હનુમાનજીનું સામે જ મંદિર, ત્યાં ઝાડને છાંયે પહોંચી મોકળા ભાગમાં ટંકડી મૂકી. સાડલાને જરાક ઠીક કરતાં હતાં, ત્યાં ડાહીબાની નજર પેલી ટંકડી માથે જઈને ઠરી. પળભર એ જોઈ રહ્યાં. 'વરધી, આ ટંક આપણો નથી લાગતો...'

વરધી આઠમા ધોરણમાં ભણે. એણે ધ્યાનથી જોયું. પોતાનો પતરાનો જે રંગનો ટંક હતો તેવો જ આ ટંક. એણે કહ્યું- 'આપણો જ છે ને બા....?'

'ના... ના.... આ ટંક આપણો નથી.' ડાહીબાએ હવે ચોક્કસપણે કહ્યું. નાનકડી દીકરી સરસ્વતીએ પણ જોયો. એ જ રૂપ, એ જ રંગ, એ જ ઘાટ. એકાએક બા કેવી રીતે કહે કે આપણો ટંક નથી...? બંને છોકરાંને એ ના સમજાયું. પણ સ્ત્રીઓનું ઘરની વસ્તુ સાથેનું 'એટેચમેન્ટ' એવું હોય છે કે એ વસ્તુ ઉપર નજર નાખીને કહી દે... 'આપણી વસ્તુ નથી...' સ્ત્રી વસ્તુ ઉપર હાથ મૂકીને એના પોતાપણા કે પરાયા પણાને પારખી શકે છે. ઉતાવળે... ઉતાવળે ટંક ઉતાર્યો ત્યારે જ ડાહીબાને શંકા તો પડી ગયેલી. પણ ધક્કામૂક્કી અને હોબાળામાં એમણે મનના સંશયને દાબી દીધો. પણ હવે જ્યાં આંખ ટંક માથે ફરી ત્યાં આંખને લાગ્યું કે આમાં કંઈક અજાણ્યું છે. વરધીને સરસ્વતી તો કહ્યા જ કરે. 'આપણો જ ટંક છે.' પણ ડાહીબાએ કહ્યું - 'તું દોડ, ચતુરભાઈને કે' કે' ... અમારો ટંક બદલઈ જ્યો છે...'

એ સરવીસમાં વારાહીના ચતુરભાઈ ઠક્કર કંડક્ટર. ખૂબ હસમુખો ને હેતાળ માણસ. હારીજ- વારાહીના આખા રૂટ ઉપરનાં બધાં માણસો એમને નામથી ઓળખે. વરધીએ હાંફતાં-હાંફતાં આવીને વાત કરી- 'ચતુરકાકા... ચતુરકાકા, અમારો ટંક બદલઈ જ્યો છે.'

પેસેન્જરના ઘોંઘાટમાં ચતુરભાઈએ અડધું- પડધું




સાંભળ્યું ન સાંભળ્યું, ત્યાં તો પતરાનો ટંક લઈને ડાહીબા પોતે દોડી આવ્યાં. 'ચતુરભઈ, ભઈલા જુઓને આપણો ટંક બદલઈ જ્યો છે'

ચતુરભાઈએ સરવીસની અંદર ઘણી તપાસ કરી. છાજલી ઉપર, સીટ નીચે, પણ પતરાની આવી કોઈ ટંકડી બીજી હતી જ નહીં, ચતુરભાઈને લાગ્યું કે આમાં કાંક ડાહીબાની જ જોવા ભૂલ છે. એટલે એમણે કહ્યું, 'બુન, આ તમારો જ ટંક છે. આખી સરવઈમાં બીજો કોઈ ટંક છે જ નહીં ને...?'

'ના.. ના... ભઈલા, હું મારો ટંક ના ઓળખું એવું બને ખરું?'ડાહીબાએ મક્કમ સ્વરે કહ્યું.

ચતુરભાઈએ કહ્યું, 'તો એમ કરો. અત્યારે તો એ ટંક લઈ જાઓ. હું તપાસ કરાવીશ.. તમે ય ટંક જોઈ લ્યો...' પછી એમનો હસમુખો સ્વભાવ ઉછળી આવ્યો, એટલે કહે- 'બુન, ટંકમાં બહુ માયા-મુડી તો ન' તી ને?'

'નારે ના, ભઈલા... છોકરાંના લુંગડાંના બૈક ગાભા હતા એમાં પણ...' ચતુરભાઈએ કહ્યું- 'તમે જઈને જોઈ લ્યો, ટંકડી તમારી છે કે નહીં?' હું કાલે તપાસ કરી લઈશ.' કહીને ચતુરભાઈએ સરવીસ ઉપાડી.

ડાહીબા હાથમાં ટંકડી પકડીને એવી રીતે ચાલ્યાં, જાણે સળગતો અંગારો ના પકડ્યો હોય? પોતાના ભાઈ હરિભાઈને ઘેર એ આવ્યાં.

ઉનાળાનું વેકેશન પડે, એટલે ડાહીબા પોતાના છોકરાંને લઈને હારીજથી ચણિયાળા પોતાના પિતા શિવરામભાઈ ઠક્કરને ત્યાં આવે. પંદર - વીસ દિવસ ત્યાં રહે. એ રીતે જ આ વેકેશનમાં એ આવવા નીકળેલાં.

ઉનાળાની ધગધગતી લૂ રણની કાંધી માથેથી સીધી વઢિયારના આંચલમાં આવીને ઝીલાય.લમણાં શેકી નાખતી લૂમાં ડાહીબા પોતાના ભાઈ હરિભાઈને ઘેર આવ્યાં. હરિભાઈ પાસેની હાટડીમાંથી બહેનના ખબર અંતર પૂછવા આવ્યા. ડાહીબેને ભાઈનાં મીઠાં ઓવારણા લીધાં. ભાભી ય દોડી આવ્યાં. નણંદને પગે પડ્યાં, પણ આ બધી ક્રિયા વખતે ય ડાહીબાનું મન તો પેલી ટંકડી ઉપર જ જઈને વળગ્યું હતું.

'ચ્યમ બુન, મજામાં ને....?'

'ભઈલા, ચણિયાણે ઉતરતાં આ જોને, ટંક બદલઈ જ્યો...'

'એમ ચેવી રીતે...?'

'શી ખબર...?' સરવઈમાં ભીડ બઉ હતી તે ઉતાવળે-ઉતાવળે ટંક લીધો. એમાં સરવઈમાં રઈ જ્યો કે શું થયું કાંય ખબર ના પડી...?' કહીને ડાહીબા સામે મૂકેલો પતરાનો ટંક લઈ આવ્યાં... ત્યાં હરિભાઈએ મશ્કરી કરી.

'હા... હા... બુન, જોઈ લ્યો, સોદો ખોટમાં છે કે ફાયદામાં?'

ડાહીબાએ ઉતાવળે ઉતાવળે ટંક ખોલ્યો. એ સમયે ગામડા ગામમાં આવા પતરાના ટંક વપરાય ને એમાં તાળું મારવાનો બહુ ચાલ નહીંઃ સીધા સાદા ટંકને એમ જ ફીટ કરી દીધેલો હોય. ડાહીબાએ ટંક ઉઘાડ્યો ને એ જોઈ જ રહ્યાં. ઉપર નવાં નક્કોર સ્ત્રીનાં કપડાં. ગુલાબનું પડીકું, કંકુ, નાડાછડી. એમણે કપડાં જરાક ઉચકાવ્યાં તો અંદર એક નાનકડી પેટી જેવું. એમાં ચકચકિત હમણાં જ બનાવેલા હોય એવા દાગીના. લગભગ પચીસેક તોલાના જુદાં જુદાં ઘરેણાં હશે. પહેલી નજરે જોતાં જ લાગતું હતું કે આ કોઈ આણાંની બેગ છે. પિયરમાંથી કપડાં લઈને કોઈ નવી વહુ સાસરે જતી હોય એવું લાગે.

'અરર...ર... શિવ...શિવ...' ડાહીબાનું હૈયું આ જોઈને ચિરાયું.

હરિભાઈએ પણ આ બધું જોયું એટલે એ સહજભાવે બોલી ઊઠ્યા- 'એમાં અરર.. શું કરે છે, ડાઈ?' આ તો માદેવજીએ તારા દીકરાનાં લગ્ન કરવાં માટે પલ્લું આપી દીધું છે...'

ડાહીબા તો ભાઈના ચહેરા સામે જોઈ રહ્યાં. ભાઈ મશ્કરી કરે છે કે શું...? ડાહીબાને બીજા કોઈ ધરમ- કરમની ઝાઝી ખબર નહીં. આખો દિવસ 'ઓમ નમઃ શિવાય ઓમ નમઃ શિવાય' નો જાપ જપ્યા કરે. એટલે હરિભાઈએ એને મહાદેવજીની કૃપા સમજી...

ક્રમશઃ

- કનુ આચાર્ય

## ટી.વી. ચેનલોથી મહિલા વર્ગમાં વૈચારિક ક્રાંતિ

સમાજમાં કોઈપણ પરિવર્તનનો પ્રારંભ દિમાગથી એટલે કે વિચારોથી થાય છે.

આકાશમાંથી વરસી રહેલી આશરે ૩૦૦ થી ૩૫૦ જેટલી ટીવી ચેનલોએ સમાજ ઉપર તેની વિવિધ પ્રકારની સીધી કે આડકતરી અસરો પણ છોડી છે. આજે આપણે અહીં ચર્ચા કરવી છે મહિલાઓ ઉપર થયેલી ટીવી ચેનલોની સારી અને વિપરીત અસરોની.

આપણો સમાજ અવારનવાર એવી ચર્ચા છેડતો રહે છે કે, મહિલા તો પુરૂષ સમોવડી જ હોવી જોઈએ. જો કે હજુ આપણે ૩૩ ટકા મહિલા અનામત સુધી પણ પહોચી શક્યા નથી. સરકાર આવા પગલા લે એ પહેલા તો મહિલાએ જાતે જ દોટ મૂકી છે. કેટલાક ક્ષેત્રોમાં તો પુરૂષને પાછળ છોડીને મહિલાઓ આગળ નિકળી ગઈ છે. આગળ ધપવાના પ્રોત્સાહન અને પ્રેરણા આપવામાં ટીવી ચેનલોએ ખૂબજ મહત્વની ભૂમિકા ભજવી છે. દર્શક મહિલાઓના દિમાગ પર ટીવી ચેનલોની સીરીયલોમાં ચમકતી તે જોતરોર, પ્રખર બુધ્ધિશાળી, બહાદુર, ખટપટમાં નિપૂણ, સમજદાર અને સદગુણોનો ભંડાર ધરાવતી ઉપરાંત ગુનાખોર માનસ ધરાવતી કે પછી રૂપરૂપના અંબાર જેવી મહિલાઓએ જબરદસ્ત અસરો પહોચાડી છે. ખાસ કરીને મહત્વકાંક્ષાઓ વધી છે. જે પૂર્ણ કરવાની ધુનમાં યુવતિઓ ગફલત કરી બેસે છે.

ચિત્ર વિચિત્ર આભુષણો, સુંદર વસ્ત્ર પરિધાન અને મેકઅપના ધપેડાથી અત્યંત આકર્ષક તથા ખુબસુરત બાહ્ય દેખાવથી ઓપતા ટીવીના વિભિન્ન મહિલા પાત્રોએ કરોડો મહિલા દર્શકોને નવુ નવુ વિચારતા કરી મૂક્યા છે.

વૈચારિક પરિવર્તનની દિશામાં કદાચ આ પ્રથમ પગલુ ગણાશે. કોઈપણ પરિવર્તન કે ક્રાંતિની શરૂઆત કે તેનો જન્મ વ્યક્તિના દિમાગમાં થાય છે. નવો ઉદભવતો એક વિચાર માત્ર પણ અભૂતપૂર્વ પરિવર્તન સર્જે છે.

એક વાત ખાસ નોંધવા જેવી છે અત્યાર સુધી મનોરંજનના માધ્યમોએ સ્ત્રી પાત્રને માત્ર ઉપભોગ અને આનંદ પ્રમોદના એક સાધન તરીકે જ પેશ કર્યું છે. પરંતુ ટીવી ચેનલોએ એવુ પુરવાર કરવાનો પ્રયાસ કર્યો છે કે મહિલાઓ ઈચ્છે તો પુરૂષોને પોતાના વશમાં રાખી પ્રગતિની રાહ પર ઘણે દૂર સુધી જઈ શકે છે.

ટીવી ચેનલોએ મહિલાને જાગૃત કરવામાં ખુબ મોટું યોગદાન આપ્યું છે. કમ સે કમ મહિલાને ચોક્કસપણે વિચારતી તો કરી જ મૂકી છે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી. ટીવી ચેનલો જોઈને મહિલાઓ ઉત્તમ અને પવિત્ર વિચારો અપનાવે તો ટીવી સમાજ માટે આશીર્વાદ બની રહેશે. પરંતુ નકારાત્મક વિચારોના પ્રવાહમાં તણાઈને મહિલાઓ અણધાર્યા પરિણામોને આમંત્રણ આપે છે ખાસ કરીને યુવા વર્ગની મહિલાઓમાં સવિશેષ જોવા મળે છે એ અસરો દરેક કુટુંબે સમજવા જેવી છે. વડીલોએ પરિવારની જુવાન પુત્રી કે પુત્રવધુમાં આવતા વૈચારિક પરિવર્તનોનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરતા રહી વખતો વખત સલાહ સૂચનો કરવા જરૂરી બને છે.

જેમ કે વધુ પડતું વજન ધરાવતી યુવતીઓને પાતળા બનવાની ઈચ્છા જાગે છે. ઘણી યુવતીઓ સુંદર દેખાવા માટે અવનવા પ્રયોગો કરશે. પોતાના અસલ વ્યક્તિત્વને ઓળખ્યા વગર નવા રંગરૂપ અને દંભી બાહ્ય દેખાવ પાછળ દોડવા લાગતી યુવતીઓને એ પણ સમજાવવું જરૂરી બની જાય છે કે વ્યક્તિની સુંદરતા માત્ર વસ્ત્રો શરીરનો બાંધો, મધ મીઠી ભાષા કે મેકઅપથી જ પ્રાપ્ત થઈ જતી નથી.

વ્યક્તિને તેના સદગુણો, સંસ્કાર, સારો વ્યવહાર અને સમજદારી તેને વધુ સુંદર બનાવે છે. હા, દંભી સુંદરતા પામવાની ઘેલછામાં અને સહુ કોઈને પોતાના ભણી આકર્ષિત કરવાની ધૂનમાં યુવતિઓ ક્યારેક તેની જાત માટે પણ મુશ્કેલીઓ ઉભી કરી દે છે.

ટીવી ચેનલોના ચિત્ર વિચિત્ર કાર્યક્રમો પરથી શું શીખવું ને કેવી રીતે તેનો અમલ કરવો તેની સમજદારી કેળવવી અત્યંત જરૂરી છે. અનૈતિક, અસામાજિક અને અધઃપતન નોંતરે એવી એક પણ વાત ટીવી પડદા સુધી જ સીમીત રહેવી જોઈએ એવી નકારાત્મક બાબતોને ટીવીમાંથી બહાર કાઢી આપણા ઘરમાં ના લવાય. ટીવીનો માત્ર નિર્દોષ મનોરંજન અને માહિતી મેળવવાના એક સાધન તરીકે સદ પ્રયોગ કરવો જોઈએ પરિવારોના યુવા સદસ્યો ઉપર થતી ટીવીની નકારાત્મક અસરો ઓછી કરવા વડીલોએ જાગૃતિ દાખવવી પડશે. યુવા વર્ગને સમજદારી પૂર્વક વર્તવાને અનુસરવાનું માર્ગદર્શન પણ આપવું પડશે. જો વડીલો ઉંઘતા રહી જશે તો યુવક યુવતીઓ વધુ પડતા જાગૃત થઈ જશે.

- મંજુ પ્રજાપતિ

## વિધ્નહર્તા ગણેશના સેટસ ઉપર આકાંક્ષાનુ ઉઝેર સાથેનો માતૃત્વ બંધ



સૌથી વહાલા ભગવાનના ધાર્મિક પુરાણનુ વર્ણન સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન દ્વારા થોડા જ સમયમાં પ્રસારીત કરવામાંઆવશે. ટેલેન્ટેડ અભિનેત્રી આકાંક્ષા વિધ્નહર્તા ગણેશમાં પાર્વતીની મહત્વની ભૂમિકા ભજવવાની છે અને ભગવાન ગણેશનુ બિરૂદ ઉઝેર બસર ભજવવાનો છે. દરેકના જીવનમાં સૌથી અગત્યનો સંબંધ આપણને આપણી માતા સાથે જે છે તે છે. લાગણીનો સ્વાર્થવિહોણુ ખેંચાણ કે જેમાં માતાનો એકમાત્ર ઉદેશ્ય હોય છે કે તેના બાળકનુ ભલુ અને પ્રગતિ દરેકના જીવનમાં સૌથી અગત્યનો સંબંધ આપણને આપણી માતા સાથે જે છે તે છે. લાગણીનો સ્વાર્થવિહોણુ ખેંચાણ કે જેમાં માતાનો એકમાત્ર ઉદેશ્ય હોય છે કે તેના બાળકનુ ભલુ અને પ્રગતિ મિત્રતાનુ એક ખાસ બંધન વિકાસ પામ્યું છે.

## તા.૧૭ થી ૨૩ સપ્ટેમ્બર સુધી યોજાનારા દ્વિતિય બોધી સપ્તાહમાં ગુજરાત બુધ્ધિસ્ટ સર્કીટની રૂપરેખા તૈયાર કરાશે



અમદાવાદ

મહાત્મા ગાંધી મંદિર ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ બુધ્ધિસ્ટ કોન્ફરન્સ અથવા તો બોધી સપ્તાહની દ્વિતિય એડીશનમાં ગુજરાતને ઈન્ટર નેશનલ બુધ્ધિસ્ટ સર્કીટમાં મોખરાનું સ્થાન આપવા અંગે ચર્ચા હાથ ધરાશે. તા.૧૭ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૭ દરમ્યાન સંઘ કાયા ફાઉન્ડેશનની આગેવાની હેઠળ ગુજરાતના સમૃધ્ધ અને ધબકતા બૌધ્ધ વારસાને ખુલ્લો મુકીને વિશ્વ સમક્ષ શાંતિનો માર્ગ રજૂ કરાશે. આ સમારંભ મહદઅંશે વર્તમાન બુધ્ધિઝમને કેન્દ્રમાં રાખીને કલા અને સંસ્કૃતિનો વાર્ષિક ફેસ્ટિવલ બની રહેશે. આ સમારંભમાં યંગુન થીમ સીટી રહેશે.

# આપણી રાષ્ટ્રીય અને સામાજીક સમસ્યા-કુપોષણ

કોઈપણ સમાજના સુખ કે આનંદનું અનુમાન તેના બાળકો અને માતાઓને જોઈને જ લગાવી શકાય છે.પરંતુ જે સમાજમાં દર વર્ષે ૨ લાખથી વધુ બાળકો એક દિવસ પણ આ પૃથ્વી પર શ્વાસ ન લઈને મૃત્યુ પામે છે.જયારે અંદાજીત એક લાખથી વધુ માતાઓ દર વર્ષે પ્રસુતી દરમ્યાન મૃત્યુ પામે છે.તે સમાજ એટલે કે આપણા ખુદના સમાજની દશા શું છે ? તેનો અંદાજ આપણે લગાવી શકીએ છીએ.આજે જયારે આપણા દેશમાં આરોગ્ય સેવાઓની કોઈ કમી નથી.તેમ છતાં પણ આ દુર્દશા શરમજનક જ નહી ધૃણાસ્પદ પણ છે.વૈશ્વિક મહાસત્તા બનવાના સપના જોતો આપણો દેશ આજે તો કુપોષણમાં એશિયામાં અગ્રણી દેશ બનવા માટે આગળ વધી રહ્યો છે.કુપોષણ માટે લડવું તેમજ તેના માટે જાગૃતતા દાખવવી એ માત્ર સકરાકની જવાબદારી છે.તેવુ માનીને આપણા દેશના મોટાભાગના નાગરિકને એવું જ લાગ્યા કરે છે કે કુપોષણ માટે પોતાની વ્યક્તિગત કોઈ જ જવાબદારી નથી.માટે જ આજે કુપોષણ આપણી ન માત્ર રાષ્ટ્રીય પરંતુ, સામાજીક સમસ્યા પણ બની છે અને આ માટે આપણે માત્ર સરકાર પર જ દોષનો ટોપલો ઢોળીએ એ અયોગ્ય જ છે.

ભારતની વધતી જનસંખ્યામાં કુપોષણના કારણે અનેક બાળકોના મૃત્યુ થઈ રહ્યા છે.આ સ્થિતિ એટલી ગંભીર છે કે દેશના એવા કેટલાક વિસ્તાર છે કે જ્યાં કુપોષણ એ બાળકના જીવનનો એક ભાગ જ બની ગયું છે.જેમાં ઉત્તર પ્રદેશ એક છે.તાજેતરમાં ઓક્સિજનના કારણે ત્યાં કેટલાક બાળકોના મૃત્યુ થયા છે.પરંતુ, દર વર્ષે તેના કરતા પણ બે ગણા બાળકો ત્યાં હોસ્પિટલોમાં મૃત્યુ પામે છે.પરંતુ, શું ખરેખર બધા બાળકો ઓક્સિજન ન મળવા માત્રને કારણે જ મર્યા છે ? જો આપણે મૃત્યુઓનો ઉંડાણપુર્વક અભ્યાસ કરીએ તો તરત જ ધ્યાનમાં આવશે કે મૃત્યુ પામનાર ૯૦ ટકા થી વધુ બાળકો ક્યાંકને ક્યાંક કુપોષણનો શિકાર હતા.જે બાળકો કુપોષણને કારણે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા અને ત્યાં તેમનુ મૃત્યું થયું.પરંતુ હકીકત એ છે કે આ બાળકોને છેક અંતે તબિયત અત્યંત બગડતા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા.જેથી સમયસર સારવાર ન મળવાના કારણે તેમનું મૃત્યુ થયું.આમ કદાચ આ કુપોષિત બાળકો પોતાનું જીવન જીતી પણ જાય તો પણ તેમને યોગ્ય પોષણ ન મળવાના કારણે શરીર અને મગજની યોગ્ય વૃધ્ધિ થતી નથી.એક આંકડા પ્રમાણે વિશ્વમાં ૫ વર્ષથી નાની ઉમરના લગભગ ૪ કરોડ અને ૪૦ લાખ બાળકોનો વિકાસ પોષણક્ષમ આહાર ન મળવાના કારણે અવિકસીત રહે છે. અને આ બાળકો ભણવામાં પોતાનુ કૌતક નથી બતાવી શકતા.માટે આવા બાળકો નહી ભણી શકે તેવુ

**ભાગ - ૧**

માનીને તે પોતે કે તમના માતાપીતા તેમને પૈસા કમાવવા કોઈને કોઈ કામમાં મોકલી દે છે.

ભારતમાં કુપોષણને નાથવા માટે સરકાર દ્વારા અનેક પ્રયત્નો થઈ રહ્યા છે.જેમાં આયોડિનયુક્ત મીઠુ, વિટામીન એ અને આયન સપ્લીમેન્ટ, સ્તનપાન માટે જાગૃતતા, ન્યુટ્રીશન રીહેબીલેશન સેન્ટર જેવા અનેક કાર્યક્રમ ચલવવામાં આવી રહ્યા છે.સ્વચ્છ ભારત અભિયાન પણ કુપોષણ નાથવા માટે મદદરૂપ નીવડશે.પરંતુ, આ બધા ન કાર્યક્રમોનું જેમના પર અસર થવી જોઈએ તે આપણા દેશના નાગરિકો પર જોઈતી અસર થતી નથી.સરકારી તંત્ર પણ ક્યાંક નીચેના સ્તર સુધી પ્રભાવી રીતે કામ કરી શક્યું નથી.માટે જ આજે આટ આટલા કરોડો રૂપિયા કુપોષણને નાથવા માટે ખર્ચાયા હોવા છતાં પણ આપણે જે પરિણામ મેળવવું જોઈએ તે મેળવી શક્યા નથી.

કુપોષણને નાથવા માટે સમાજના પ્રત્યેક વ્યક્તિએ પણ પોતાની યથાયોગ્ય ભુમિકા અદા કરવી જ પડશે.નાની નાની પણ અસરકારક વાતો યાદ રાખીને તે માટે કાર્યરત બનવુ પડશે.તો જ આપણે કુપોષણને ભારત છોડો કહી શકીશું.

-પરિવારમાં લીલા શાકભાજી, કઠોળ અને ફળ ખાવાનું પ્રમાણ વધારવું.બને ત્યાં સુધી જંકફુટ, કોલ્ડ્રીંગનું સેવન ટાળવુ. પરિવારમાં તેમજ આજુબાજુમાં મહિલાઓ તેમજ ખાસ કરીને તરૂણીઓનું નિયમિત હિમોગ્લોબીનની તપાસ કરાવવી જે પણ સ્ત્રીનું હિમોગ્લોબીન ૧૪ થી ઓછું હોય તેમને લીલા શાકભાજી, ગોળ, ખજુર તેમજ ફળ નિયમિત આપવા.

ઉપરોક્ત બે કામ પણ જો આપણે નિયમિત કરીએ તો ચોક્કસ કુપોષણને નાથવા માટે આ કામ પુરક સાબિત થશે.

સંતુલિત, સ્વચ્છ અને સ્વાદિષ્ટ ભોજન શરીરના વિકાસ માટે અત્યંત આવશ્યક છે.ભોજનમાં પૌષ્ટિક તત્વોની ઉણપથી જ ઘણી બધી બીમારીઓ થતી હોય છે.અહી પોષ્ટિક તત્વોની ઉણપથી થતી સમસ્યાઓની માહિતી આપી છે.

'પ્રોટીન અને કેલરી' ની ઉણપ

- આ સમસ્યા નાની ઉમરના બાળકોમાં વિશેષ જોવા મળે છે. જો ૬ મહિનાના બાળકને સ્તનપાન ઉપરાંત અન્ય ખાદ્ય પદાર્થ ન આપવામાં આવે તો શરીરની આવશ્યકતા અનુસાર પ્રોટિન અને કેલરીની ઉણપ સર્જાય છે.માટે ૬ મહિના પછી દરેક બાળકને માં ના દુધ સિવાય અન્ય ખોરાક પણ આપવો જરૂરી હોય છે.જો કે બાળક પરિવારના અન્ય સભ્યોની જેમ ખાવાનું પાચન કરી શકતો નથી.જેથી તેના માટે સાદો, નહિવત મસાલા વાળો અને પૌષ્ટિક ખોરાક આપવો જોઈએ.ફળોનો રસ, તાજુ ગાયનું દુધ અથવા ગળેલા ભાત શરૂઆતમાં આપી શકાય.

આ પ્રકારે બાળકને જો ખોરાક ન મળે અને પ્રોટિન-કેલરીની ઉણપ થાય તો બાળકનુ વજન ઘટી જાય છે.વાળ આછા થઈ જાય છે.બાળકના ગાલ કડક અને ફુલી જાય છે.ગાલમાં પાણી ભરાઈ જવાના કારણે તે ચમકદાર દેખાય છે.જો આ પરિસ્થિતિમાં યોગ્ય ધ્યાન ન રાખવામાં આવે તો સમય જતા બાળકનું શરીર ફુલી જાય છે.

- આ પરિસ્થિતિમાં જ બાળકનો સ્વભાવ ચિડીયો અને રોતડ થઈ જાય છે.ધીરે ધીરે ચામડી ખરવા લાગે છે.બાળક નિરુત્સાહી રહે છે.તેને ભુખ પણ નથી લાગતી.તે તેની આજુ બાજુ થતી ચહલ પહલ પર પણ ધ્યાન નથી આપી શકતો.ધીરે ધીરે તેનું સ્વાસ્થ્ય બગડે છે.અને અંતે મૃત્યુ પામે છે.

**ક્રમશઃ**

**-ડો.પ્રશાંત જોષી**
**દાંતીવાડા**

# રાધનપુરમાં તાલુકા કક્ષાનો કલા ઉત્સવ ઉજવાયો

રાધનપુર

રાધનપુર તાલુકા કક્ષાનો કલા ઉત્સવ બી.આર.સી.ભવન ખાતે ઉજવાયી ગયો,શિક્ષણ સમિતિના ચેરમેન લવિંગજી સોલંકી, જિલ્લા શિક્ષક સંઘના મહામંત્રી માનાભાઇ રબારી,બી.આર.સી. હીરાભાઈ ચૌધરી, જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ ઠાકોર, તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ અરજણભાઈ ચૌધરી સહિતની ઉપસ્થિતિમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી જેમાં કમાલપુર પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની પૂજા પરબતભાઇ રાવલ, સિનાડ પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી લક્ષ્મણ લવજીભાઈ મકવાણા વિજેતા બન્યા હતા, જયારે બાળકવિ સ્પર્ધામાં ભીલોટ શાળાનો વિદ્યાર્થી પંકજસિંહ વાઘેલા વિજયી રહ્યો હતો જેમને પ્રમાણપત્ર તેમજ રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ નું સંચાલન આયદાનભાઈ બારડે કર્યું હતું. ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ધનાભાઇ રબારી,જગદીશભાઈ ગુર્જર અને રઘુભાઇ રબારીએ સેવા આપી હતી.

# ખેડબ્રહ્મા ખાતે યુવા રોજગાર કારકિર્દી માર્ગદર્શન શિબિર યોજાઈ

ખેડબ્રહ્મા

ખેડબ્રહ્માની શ્રી નથ્થુરામ બાપા જ્યોતિ હાઇસ્કૂલ ખાતે સોમવારના રોજ યુવા કારકિર્દી માર્ગદર્શન શિબિર યોજાઇ હતી. આ પ્રસંગે રોજગાર અધિકારીએ વિધાર્થીઓને પોતાની કારકિર્દીની દિશા નક્કી કરી યોગ્ય મહેનત કરવા સલાહ આપી હતી. જયારે આચાર્ય શ્રી સુરેશભાઇ પટેલે વિધાર્થીઓને અભ્યાસની સાથે જનરલ નોલેજઅને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શાળાના શિક્ષકગણ અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધરોઈની દિવ્યાંગ છાત્રાને નેશનલ એથ્લેટીક્સ સ્પર્ધામાં ૩ બ્રોન્ઝ મેડલ

સતલાસણા

રાજસ્થાનના જોધપુરની નેત્રહીન વિકાસ સંસ્થા દ્વારા તાજેતરમાં નેત્રહીનો માટે નેશનલ એથ્લેટીક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બ્લાઈન્ડ પીપલ એસોસીએશન અમદાવાદ તરફથી ૪ દિવ્યાંગ બહેનો અને ૬ દિવ્યાંગ ભાઇઓએ ગણપતભાઇ પટેલ તથા ભાવનાબેન પટેલના નેતૃત્વ હેઠળ ભાગ લીધો હતો. જેમાં ધરોઇની દિવ્યાંગ ખેલાડી કોમલ સી.રાવલે બી-૨ કેટેગરીમાં ભાગ લઈ ૧૦૦ મીટર દોડ, ગોળાફેંક અને ચક્રફેંકમાં તૃતિય નંબર મેળવી ત્રણ બ્રોન્ઝ મેડલ અંકે કર્યા હતા. જે બદલ ગણપતભાઇ પટેલે કોમલ રાવલ અને કોચ કાદરભાઇ મનસુરીને બિરદાવ્યા હતા.વિશ્વ દિવ્યાંગ ઓલિમ્પિકમાં ફ્લોર હોકીમાં વિજાપુરની શીતલબેન જુગાજી ઠાકોર અને ફ્લોર બોલમાં બહુચરાજીના એંદલાની હેતલબેન શિવસંગભાઇ ઠાકોર ઝળક્યા હતા. શિતલે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. જ્યારે હેતલે વિશ્વ રમતમાં છઠ્ઠો ક્રમાંક મેળવ્યો હતો. ખોડિયાર એજન્યુકેશન ટ્રસ્ટના ૯ માનસિક બાળકો આંતરરાષ્ટ્રીય સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

# કૃષિક્ષેત્રે જીએસટી નાબૂદ કરવા અને પાક વીમા માટે ખેડૂતોનું આવેદનપત્ર

મોડાસા

કૃષિક્ષેત્રે જીએસટીની અસર થવાની નથી તેવી હૈયાધારણ આપ્યા બાદ અને અનેક ગણો દર કૃષિક્ષેત્રે અમલી બનાવી કિસાનોને પડતાપર પાટુ માર્યાની લાગણી સાથે ભારતીય કિસાનસંઘ સાબરકાંઠા-અરવલ્લી એકમ દ્વારા સોમવારે કલેક્ટરને આવેદનપત્ર આપી વિવિધ માંગ કરવામાં આવી હતી. જ્યારે અરવલ્લી જિલ્લા ભારતીય કિસાનસંઘ દ્વારા સોમવારે મોડાસામાં ચાઇનીઝ માલની હોળી કરવામાં આવી હતી અને જી.એસ.ટી.ને દૂર કરવાના વિરોધ સાથે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. વડાપ્રધાનને ઉદ્દેશીને આપવામાં આવેલ આવેદનપત્રની વિગત એવી છે કે, કેન્દ્ર સરકારે ખેડૂતોને ખો આપી છે અનેક અનિશ્ચિતતાઓ સામે ઝઝૂમી રહેલ ખેડૂતને વિવિધ કર અમલી બનાવી આર્થિક બોજ વધાર્યો છે. આવેદનપત્રમાં માંગ કરવામાં આવી હતી કે, ડ્રીપ ઈરીગેશન પરનો ૧૮ ટકા ટ્રેક્ટર પરનો ૧૨ ટકા, દવા પરનો ૧૮ ટકા, થ્રેસર સહિતના યાંત્રિક ઓજાર પર ૧૨ થી ૧૬ ટકા સુધીના ભારે જીએસટી દર તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે પાક વીમા યોજનાની વિસંગતતાઓ દૂર કરી મરજીયાત બનાવવામાં આવે, પાક વીમાની અપૂરતી ચૂકવણી, નુકસાનીના સર્વેમાં ભેદભાવ, વીમા સાથે લાગુ કરવામાં આવે.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | ઘઉં | ૩૨૨-૩૪૫ |
| એરંડા | ૮૯૫-૯૦૩ | બાજરી | ૧૯૦-૨૬૩ |
| રાયડો | ૬૩૮-૬૪૨ | જવ | ૩૨૩-૩૩૩ |
| ઘઉં | ૨૮૫-૩૨૮ | | થરા |
| બાજરી | ૨૪૦-૨૫૧ | જીરૂ | ૩૦૦૦-૩૪૦૧ |
| રાજગરો | ૭૪૧-૮૧૮ | એરંડા | ૮૯૭-૯૦૮ |
| મગફળી | ૪૫૧-૫૦૦ | ગવાર | ૬૦૮-૭૦૫ |
| ગવાર | ૬૮૫-૭૦૦ | ઘઉં | ૩૦૭-૩૨૮ |
| મગ | ૭૮૧ | બાજરી | ૨૩૦-૨૪૯ |
| | પાલનપુર | બંટી | ૨૮૦-૩૧૦ |
| ઘઉં | ૩૦૦-૩૭૦ | | પાટણ |
| બાજરી | ૧૮૦-૨,૬ | જીરૂ | ૩૦૫૦-૩૩૦૦ |
| એરંડા | ૮૮૫-૯૦૫ | વરીયાળી | ૮૧૭-૧૧૮૦ |
| રાયડો | ૬૪૫-૬૫૬ | મેથી | ૪૭૦-૫૧૨ |
| મગફળી | ૪૨૧-૬૫૬ | સુવા | ૮૫૦-૯૩૦ |
| રાજગરો | ૭૫૧-૮૨૯ | રાયડો | ૬૧૦-૬૬૭ |
| | વડગામ | એરંડા | ૮૯૫-૯૧૪ |
| ઘઉં | ૩૪૮ | અજમો | ૬૨૫-૯૨૮ |
| બાજરી | ૨૦૦-૨૪૩ | ઘઉં | ૩૧૧-૩૫૦ |
| એરંડા | ૯૦૦-૯૦૧ | બાજરી | ૨૨૦-૨૫૮ |
| | સિદ્ધપુર | બંટી | ૩૩૪ |
| રાયડો | ૬૨૫-૬૫૭ | મગ | ૫૧૩ |
| એરંડા | ૮૨૫-૯૧૪ | અડદ | ૪૮૦ |
| ગવાર | ૬૯૬-૬૯૮ | ગવાર | ૬૮૦-૭૧૩ |

# પાટણ જિલ્લાના ફતેપુરા ગામે બસ સ્ટેન્ડ હોવા છતાં ત્રીસ વર્ષથી બસ સેવાથી લોકો વંચિત

પાટણ

પાટણ જિલ્લાનું ફતેપુરા ગામ ચાર જિલ્લાની હદને અડીને આવેલું ગામ છે.ત્રીસ વર્ષ અગાઉ આ ગામમાં બુનિયાદી તાલીમનુ ગુજરાતમાં બે નંબરનું શૈક્ષણિક ધામ હતું.ગામમાં બસ સ્ટેન્ડ હોવા છતાં ત્રીસ વર્ષથી ગામના લોકોને બસનો લાભ મળ્યો નથી એટલે એક પણ બસ આવી જ નથી. ૨૦૧૨-૧૩ માં બસ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું હતું. તેની ગ્રાન્ટ ક્યાં ગઈ તે ચર્ચાનો વિષય બનેલ છે.ગ્રાન્ટનો ઉપયોગ નિયમ મુજબ થયો નથી.

શંખેશ્વર તાલુકાના ફતેપુર ગામ વસ્યુ ત્યારથી એટલે કે ત્રીસ વર્ષથી ગામના લોકોને એસટી બસ સેવાનો લાભ મળ્યો નથી.૨૦૧૨ માં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બસ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું પરંતુ તે હાલ શોભાના ગાંઠીયા સમાન સાબિત થય રહ્યું છે.ચાર જિલ્લાની બોર્ડર લાઈન પર ગામ વસ્યું છે.ગામને ભાગ પાડતો મુખ્ય રસ્તો પડે છે.જેમાં દક્ષિણ બાજુ સુરેન્દ્રનગર જિલ્લો, પૂર્વે બાજુ મહેસાણા, તો ઈસાન ખુણે અમદાવાદ જિલ્લાની બોર્ડર લાઈન અને પશ્ચિમે પાટણ જિલ્લો આવે છે.

ફતેપુરા ગામે પાકો રસ્તો નથી, જેના કારણે ગ્રામજનો પરેશાન છે.શરૂઆતમાં ગ્રામજનોને ૧૦૮ની સેવા મેળવવામાં જિલ્લાની હદનો પ્રશ્ન આવતો હતો.જોકે બહુચરાજીથી ૧૦૮ નો પ્રશ્ન હલ થયો છે.ગામમાં બસ સ્ટેન્ડની સામે શૌચાલય પણ બનાવ્યા છે.જે હાલ બિસ્માર બની ગયેલ છે.નજીકમાં આંગણવાડી કેન્દ્ર ચાલે છે.પરંતુ બસ સ્ટેન્ડ આસપાસ ગંદકીથી દુર્ગંધ આવતી હોવાથી આંગણવાડીના બાળકોનું આરોગ્ય બગડે તેવી દહેશત જણાય છે.

# આલુવાસમાં કપિલ ભગવાનની જન્મજયંતિ નિમિત્તે લોકમેળો યોજાયો


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

સાંતલપુર તાલુકાના આલુવાસ ગામે કપિલા નદીના કાંઠે કપિલ ભગવાનનું ઐતિહાસિક મંદિર આવેલું છે, જ્યાં દર ભાદરવા વદ ૬ ના રોજ કપિલ ભગવાનની જન્મજયંતિના પાવન પ્રસંગે લોકમેળો યોજાય છે, સોમવારે પણ લોકમેળો ભરાયો હતો જેમાં ચાલુ વર્ષે સારો વરસાદ થયો હોવાથી વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા,મેળાની પૂર્વ સંધ્યાએ ભજનોની રમઝટ પણ જામી હતી, આલુવાસના યુવા સરપંચ અને સાંતલપુર પોલીસે ખડે પગે સેવા આપી હતી,જો કે આલુવાસથી ધોકાવાડા અને બાબરાથી આલુવાસના રસ્તા બિસમાર હોવાથી વાહન વ્યહારને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, કપિલ ભગવાનની બાજુમાં જ આવેલા ચંડેશ્વર મહાદેવના દર્શનનો લાભ પણ ભાવિકોએ લીધો હતો.

# રાધનપુરના ૧૦૮૯ ગરીબ લાભાર્થીઓની સો ટકા મકાન સહાય મંજુર થઈ


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં પોતાના નામે પ્લોટ ધરાવતા હોય તેવા ૧૦૮૯ ગરીબ લાભાર્થીઓ માટે ગુજરાત સરકાર દ્વારા સો ટકા મકાન સહાય મંજુર કરવામાં આવી છે, જેમાં પાલિકા દ્વારા આ સહાયની ચુકવણી તબક્કાવાર કરવામાં આવશે, એક લાભાર્થીને સાડા ત્રણ લાખની સહાય ચુકવવામાં આવનાર છે, જે મકાનનું બાંધકામ જેમ જેમ આગળ વધશે તેમ તેમ ચુકવણી કરવામાં આવશે, આ માટે નગર પાલિકામાં નોડલ ઓફિસરની નિમણુંક કરાશે જે સમગ્ર કામગીરીનું સંકલન કરશે તેમ પાલિકાના ટાઉન પ્લાનિંગ ચેરમેન અંકુરભાઈ જોશીએ જણાવ્યું હતું, લાભાર્થીએ આ માટે તમામ કાયદેસરના કાગળો રજુ કરવા પડશે.

# રાધનપુરમાં જન અધિકાર મંચના કાર્યકરોએ આવેદન આપ્યું

પ્રતિનિધિ રાધનપુર

જગતનો તાત દિવસેને દિવસે દેવામાં ડૂબતો જાય છે,ત્યારે ખેડૂતોને પાકવીમો આપવામાં આવે, ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો આપવામાં આવે,આશા એન્ડ આશા ફેસીલીટરને લઘુતમ વેતન આપવામાં આવે અને અભ્યારણની આજુબાજુ ઈકોઝોનની વિસંગતતાઓ દૂર કરવામાં આવે સહીતની માંગણીઓ સાથે જન અધિકાર મંચ દ્વારા ૪૧ દિવસથી તલાલા ખાતે પ્રતીક ઉપવાસ ચાલુ હતા તેમ છતાંય ખેડૂતોના મુદ્દે સરકાર દ્વારા ગંભીરતા ના દાખવતા તા.૪ થી જન અધિકાર મંચના પ્રમુખ પ્રવીણ રામ અન્નનો ત્યાગ કરી તલાલા મામલતદાર કચેરી સામે આમરણાંત ઉપવાસ ઉપર બેસી ગયા છે, ત્યારે મંગળવારે રાધનપુરમાં પણ ખેડૂતોએ જન અધિકાર મંચના નેજા હેઠળ મુખ્યમંત્રીને સંબોધીને આવેદ નપત્ર મામલતદારને સુપરત કર્યું હતું અને જો માંગણી સ્વીકારવામાં નહિ આવે તો આ વિસ્તારના ખેડૂતો પણ ઉગ્ર આંદોલન કરશે તેવી ચીમકી ઉચ્ચારવામા આવી છે. આ પ્રસંગે ગીરીશભાઈ આહીર, રામભાઈ આહીર, ગણેશભાઈ આહીર, કાનાભાઇ આહીર સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણામાં માનસિક-શારીરિક દિવ્યાંગોએ ખેલકુંભમાં કૌવત અજમાવ્યું

મહેસાણા

મહેસાણાના પાલાવાસણા સ્થિત ડૉ. બી.આર. આંબેડકર સ્ટેડિયમ ખાતે રવિવારે માનસિક દિવ્યાંગ બાળકોના સ્પેશિયલ ખેલ મહાકુંભની ૧૫ સ્પર્ધાઓમાં ૮૩૪ બાળકોએ સુશુપ્ત શક્તિઓને ઉજાગર કરીને કૌશલ્ય દાખવ્યું હતું. જ્યારે વિસનગર તાલુકાના કુવાસણ ગામે શારીરિક દિવ્યાંગ ૪૫૦ બાળકોએ ખેલ મહાકુભની રમતોમાં ભાગ લીધો હતો. પાલાવાસણા ખાતે માનસિક દિવ્યાંગ બાળકોએ દોડ, સાયકલીંગ, વોલીબોલ, ગોળાફેંક સહિતની રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાંસદ જયશ્રીબેન પટેલે રમતોત્સવનો પ્રારંભ કરાવી દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. રાષ્ટ્રસંત પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજે દિવ્યાંગ બાળકોને આશીર્વચન પાઠવ્યા હતા. ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ, જિલ્લા વહીવટી તંત્ર અને રમતગમત અધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે આયોજીત આ રમતોત્સવ પ્રસંગે ઓસ્ટ્રેલિયામાં યોજાયેલા સ્પેશિયલ વિશ્વ ઓલિમ્પિક સમર, વિન્ટર ૨૦૧૭માં વિજેતા ભારતીય ટીમમાં સમાવિષ્ટ મહેસાણાના ૨ ખેલાડીઓનું સન્માન કરાયું હતું.

# પાટણ જિલ્લાની ટ્રાફિક બ્રિગેડે જિલ્લા કલેક્ટરને આવેદન સુપરત કર્યું

**સાત માંગણીઓ પુરી ના થાય તો ભૂખ હડતાળની ચીમકી**



પ્રતિનિધિ રાધનપુર

પાટણ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા ટ્રાફિક બ્રિગેડના પાટણના ૪૧, ચાણસ્માના ૯, સિદ્ધપુરના ૧૯, હારીજનાં ૧૧ અને રાધનપુરના ૭ જવાનોએ સોમવારે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરીને પોતાની સાત માંગણીઓ પૂરી કરવા રજુઆત કરી છે , જેમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ સમાન કામ સમાન વેતન ચૂકવવા, રેગ્યુલર મહેકમની ભરતી પ્રક્રિયામાં જે તે પોસ્ટ ઉપર ફરજ બજાવતા કોન્ટ્રાક્ટ કર્મચારીઓને પ્રાથમિકતા આપવા, કોન્ટ્રાક્ટ કર્મચારીઓને ૫૮ વર્ષ સુધી નોકરીની બાંહેધરી આપી જોબ સિકયુરિટી આપો, વર્ષોથી બંધ વર્ગ-૪ ની કાયમી ભરતી પુનઃ જીવિત કરી પછાત વર્ગના યુવાનોને કાયમી રોજગારી આપવી, માનદ સેવાના નામે શોષણની નીતિ બંધ કરી કર્મચારીઓને લઘુતમ વેતન ચૂકવો અને લઘુતમ વેતન ધારાનો ગુજરાતમાં પણ ચુસ્તપણે અમલ કરવો જેવી માંગણીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કર્મચારીઓ પોતાની માંગણીઓને લઈને જો બંધારણ મુજબ પોતાનો અવાજ ઉઠાવે તો આવા કર્મચારીઓને કાઢી મુકવામાં આવે છે. અધિકારીઓ મારફત ધમકીઓ આપીને એમના કરાર રીન્યુ ના કરીને માનસિક અને આર્થિક રીતે તોડી નાખી એમના અવાજને દબાવી દેવામાં આવે છે, જેના કારણે આઝાદ ભારતમાં પણ યુવાનો ગુલામ હોવાનો એહસાસ કરે છે, સરકારની દમનભારી અને શોષણભરી નીતિઓના વિરોધમાં આજે ગુજરાતના તમામ વિભાગના કર્મચારીઓ માસ સી.એલ. ઉપર ઉતાર્યા છે, જો સાત દિવસમાં માંગણીઓ સંતોષવામાં નહિ આવે તો તા.૧૮ સપ્ટેમ્બરથી તમામ કર્મચારીઓ કામગીરી બંધ કરીને જિલ્લા કલેક્ટર કચેરી આગળ ઉપવાસ ઉપર ઉતરશે તેવી પણ ચીમકી પણ આપવામાં આવી છે.

# રાધનપુરમાં સરકારી ક્વાર્ટરના રહીશો ગંદકીથી ત્રાહિમામ


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં મામલતદાર કચેરી પાછળ સરકારી ક્વાર્ટર આવેલા છે, જ્યાં દેશની સર્વોચ્ચ તપાસ એજન્સી ઈન્ટેલિજન્ટ બ્યુરોની કચેરી પણ આવેલી છે, ભારે વરસાદ બાદ આ ક્વાર્ટરની આજુબાજુ ભરાયેલા પાણીનો નિકાલ ના થતા આજે વરસાદી પાણી રીતસર ગંધાઈ રહ્યા છે અને મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. પાલિકાના પ્રમુખ અને સેનેટરી ઈન્સ્પેક્ટર પ્રશાંત સોનીને અવારનવાર રજૂઆતો કરવા છતાંય આજદિન સુધી ના તો પાણીનો નિકાલ થયો છે કે ના ગંદકી દૂર કરવામાં આવી છે,જેના કારણે રહીશો અને કચેરીના કર્મચારીઓ ત્રાહિમામ થઈ ગયા છે. આ ઉપરાંત ક્વાર્ટરની પાછળ આવેલી ટાંકી ખુલ્લી હોવાથી ગાય કે અન્ય પશુ અંદર પડી જવાનો પણ ભય રહે છે, પાલિકાએ તાત્કાલિક આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ એવો રહીશોનો આક્રોશ છે. જો આ ગંદકી દૂર નહિ થાય તો રોગચાળો ફેલાવાની પણ દહેશત છે.

# ચાણસ્મા હારીજ રોડ પર અજાણ્યા વાહનની ટક્કરથી મહિલાનું મોત

ચાણસ્મા

હારીજ- ચાણસ્મા રોડ પર ગત સોમવારે વહેલી સવારે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં મહેસાણાથી કચ્છના માતાના મઢ જવા નીકળેલ. પગપાળા યાત્રીકોમાંથી એક મહિલાને ગાડીના ચાલકે ટક્કર મારતાં તેણીનું મોત થયું હતું. જયારે એક મહિલાને ઈજા થઈ હતી.

જાણવા મળતી વિગતો અુનસાર મહેસાણાના નાગલપુર વિસ્તારમાંથી એક પટેલ પરિવાર કચ્છના માતાના મઢ આશાપુરા માતાના મંદિરે દર્શન કરવા પગપાળા નિકળેલ ત્યારે ગત રવિવારની રાત્રે ચાણસ્મા રોકાયા બાદ ત્યાંથી નિકળી હારીજ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક વાહનની ટક્કરથી ૬૫ વર્ષીય વૃધ્ધાને ગંભીર ઈજાઓ થતો તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. અને એક મહિલાને ઈજા થઈ હતી.

દરમ્યાન હાલમાં ડૉક્ટરોની હડતાલ ચાલતી હોવા છતાં હારીજ પીએચ સીમાં ફરજ બજાવતા ડૉ.સોલંકીએ મૃતકનું પી.એમ. કરી માનવીય અભિગમ અપનાવ્યો હતો.

# સીનીયર સીટીઝન્સ કાઉન્સીલ પાટણ ખાતે આધ્યાત્મિક જ્ઞાનનો કાર્યક્રમ યોજાયો



પાટણ

સીનીયર સીટીઝન કાઉન્સીલ પાટણ ખાતે આધ્યાત્મિક જ્ઞાન અંતર્ગત પાટણના કાલીકામંદિરના પુજારી અશોકભાઈ વ્યાસ દ્વારા ધર્મનું મહત્વ જણાવવામાં આવ્યું હતું. તેઓએ જણાવ્યું હતુ કે ધર્મ કદી પણ હિંસા કરવાનું શિખવાડતો નથી. કોઈ પણ ધર્મમાં હિંસા કરવાનું કહેવામાં આવ્યું નથી. ધર્મ તો માનવતા બતાવે છે. ધર્મ ઈશ્વર સાથેનો સંબંધ છે. માનવ-માનવ પ્રત્યે પ્રેમ છે. હિન્દુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ દરેક ધર્મમાં એકબીજા પ્રત્યે પ્રેમભાવ રાખો હંમેશા બીજાનું ભલુ થાય તેવા કાર્ય કરો તેજ સાચો ધર્મ છે.

આ પ્રસંગે આવેલ મહેમાનોનું પ્રમુખ શંકરભાઈ પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા આજના નાસ્તાના દાતા પટેલ શંકરલાલ મગનલાલ તથા પટેલ કરશનભાઈ હેમાભાઈનું પણ સંસ્થા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા આગામી મીટીંગ તા. ૨૪/૯/૨૦૧૭ ના રોજ રાખવામાં આવી છે. તથા દિવાળી પછી વિદેશ દુબઈ પ્રવાસ અંગેની ચર્ચા કરવામાં આવી હતી. તથા કાર્યક્રમનું સફળ સંચાલન મંત્રી રમણલાલ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા આભારવિધિ શાંતિભાઈ ઠક્કર ટ્રસ્ટીએ કરી હતી.

